JAIN KRANTI

# જૈન ક્રાંતિ

Vol. 4 | Issue 10 | Mumbai | July - 2013 | Rs. 25/- | Pages : 40




જૈન આગમ મિશન

ટીકા મારી ગુરુ પણ છે

સિધ્ધાંત અને સમાચારી

One Step Up


||તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.નો જય હો||

# રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની પ્રેરણાથી

- **લુક એન લર્ન**ના માધ્યમથી અત્યાર સુધીમાં 102 શાખા અને પાંચ વર્ષમાં 76,000 થી વધુ બાળકોમાં જૈનત્વના સંસ્કાર રેડવા દિનરાત મહેનત કરી એવો કોર્સ બનાવ્યો અને એવા દીદી તૈયાર કર્યા જે આજે પરદેશમાં પણ ધર્મ ફેલાવી રહ્યાં છે...
- **અર્હમ યુવા ગ્રુપ** દેશભરમાં હજારો યુવાનોની 70 થી વધુ શાખાઓમાં...
  જેના સેંકડો સભ્યોએ દારૂ છોડ્યા છે...
  જેના સેંકડો સભ્યોએ નોનવેજ છોડીને બીજાને છોડાવ્યા છે...
  જેના સેંકડો સભ્યોએ 7 વર્ષમાં સાડાપાંચ કરોડના માનવતાના કાર્યો કર્યા છે...
  કેટલાય ઘરને તૂટતા બચાવીને, જીવન શૈલીને બદલાવીને હસતા પરિવાર બનાવ્યા છે...
- ભગવાન મહાવીરના ધર્મનો પ્રચાર - પ્રસાર કરવા જૈન આગમનું ગુજરાતી પ્રકાશન પછી હવે ઈંગ્લીશમાં ટ્રાન્સલેશન કરીને વિશ્વ લેવલે અમૂલ્ય ભેંટ...
  આવુ વિઝન ધરાવતાં ગુજરાતી સ્થાનકવાસી સાધુમાં એક માત્ર રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા... જે,
- જૈન વિશ્વ કોશના માધ્યમે 35,000 થી વધારે પેઝમાં જૈન ધર્મની નાનામાં નાની વિગતો - વિષયોની છણાવટનું ભગીરથ કાર્ય કરી રહ્યાં છે.
- વિશ્વભરમાં સાડાચાર લાખાથી વધુ લોકોને ઉવસગ્ગહરં સ્તોત્ર મંત્ર સંભળાવીને, બોલતા કરનારા અને હજારોને એનો સાક્ષાત્કાર કરાવનારા જૈન સાધુ...
- હર વર્ષે સેંકડો ક્ષેત્રોમાં ફરીને ધર્મ પ્રચાર માટે અથાગ મહેનત કરનારા સાધુ...
- ગોંડલમાં તપસમ્રાટ કોમ્પ્યુટર સેન્ટર
- રાજકોટમાં તપસમ્રાટ હેલ્થ સેન્ટર
- આણંદમાં તપસમ્રાટ પશુ સારવાર કેન્દ્ર, આણંદમાં ભક્તામર સાધના કેન્દ્ર
- વડોદરામાં તપસમ્રાટ ઉપાશ્રય - ગોરવાનું નિર્માણ
- જેમની પ્રેરણાથી દર વર્ષે અનેક ક્ષેત્રોમાં પયુર્ષણ આરાધના કરાવવા માટે શાસન પ્રભાવક ગ્રુપમાં અનેક ભાઈઓ બહેનો તૈયાર થયા છે, જેમને ટ્રેઈનીંગ આપવા માટે પૂ. ગુરુદેવ કલાકોના કલાકો પ્રેરણા આપે છે.
- જેમની પાવન પ્રેરણાથી 1100 પરિવારો માટે નાયગાંવમાં સસ્તા દરે ઘરો ઉપલબ્ધ થશે. જે પવિત્રધામથી ઓળખાશે અને તેની પ્લીન્થ સુધીના બાંધકામ થઈ ગયેલ છે.
- જેમના પ્રવચનોને દેશ-પરદેશમાં ઈન્ટરનેટ-સોહમ ચેનલ, અરિહંત ચેનલ આદિના માધ્યમે દરરોજ 30 લાખથી વધુ લોકો નિહાળે છે, સાંભળે છે અને જીવન પરિવર્તન કરે છે.
- જેમના પ્રવચનોની અત્યાર સુધી સાડા ત્રણ લાખ થી વધારે CD-DVD નું પ્રકાશન થયું છે. જે દેશ-પરદેશના ભાવિકો દરરોજ સાંભળીને સંતોથી દૂર હોવા છતાં ધર્મજ્ઞાનની નજીક પહોંચ્યા છે.
- જેમની પ્રેરણાથી ડૉક્ટર, C.A., એન્જીનિયર, પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલાં સુખી પરિવારનાં 30 થી વધુ યંગસ્ટર્સ આગામી વર્ષોમાં સત્યની સમજ પામીને, સંયમ સ્વીકાર કરવાના છે.
- જેમની પ્રેરણાથી કોલકત્તાના પારસધામમાં જરૂરિયાત અને વિધવા બહેનોને સ્વાવલંબી બનાવી સ્વમાનભેર જીવવા માટે અર્હમ હેલ્પ દ્વારા પેપરમાંથી કેરી બેગ, એનવેલપ આદિ તથા નાસ્તા આદિ માટે રો-મટીરીયલ, જગ્યા અને ટ્રેઈનીંગ આપવામાં આવે છે.

**જેમની પ્રેરણાથી દર વર્ષે અર્હમ યુવા ગ્રુપના માધ્યમથી લાખોના સત્કાર્યો થાય છે.**
**આ છે અર્હમ યુવા ગ્રુપ, પારસધામ અને પાવનધામના માધ્યમે છેલ્લા પાંચ વર્ષના સત્કાર્યની એક નાનકડી ઝલક...**

- 10,000 થી વધુ બાળકોને એજ્યુકેશન સહાય.
- 2,500 થી વધારે ડાયાલીસિસવાળા દર્દીને મદદ.
- 10,000 થી વધારે વિદ્યાર્થીને એજ્યુકેશનમાં હેલ્પ.
- 1,700 થી વધારે દર્દીઓને અલગ-અલગ ઓપરેશનમાં સહાયક.
- સૌરાષ્ટ્ર-ગુજરાત-મહારાષ્ટ્રની 1,500 થી વધારે ગૌશાળા, પાંજરાપોળને દર વર્ષે 40 લાખથી વધારે કિલો ઘાસની સહાય.
- કોલકત્તામાં 35 થી વધારે જગ્યાએ પાણીના પરબ.
- 15,000 થી વધુ દર્દીઓને દવા.
- 10,000 થી વધુ અંધજનોને જરૂર પ્રમાણે સહાય અને 1,700 થી વધારે અંધજનોને કાયમી સહાય.
- 400 થી વધારે જુદા જુદા કેમ્પ-આય કેમ્પ, બ્લડ ડોનેઈનકેમ્પ, મેડિકલ ચેકઅપ કેમ્પ વગેરે.
- 1,200 થી વધારે સાધર્મિક પરિવારોને કાયમી સહાય.
- 82 થી વધારે વિદ્યાર્થીને પરદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સહાય.
- 30 થી વધારે અનાથ આશ્રમ, વૃધ્ધાશ્રમ અને અંધ-અપંગ આશ્રમોને નિયમિત સહાય.
- 1200 થી વધારે ઘરોમાં સોલાર લાઈટ દ્વારા પ્રકાશ.
- 26 જાન્યુ.- 2013 નાં બૃહદ મુંબઈ અને અમરાવતી દ્વારા 40,000 ટન પસ્તી કલેકટ કરી એની આવકમાંથી અને પ્રાપ્ત અનુદાનથી 27 જાન્યુ.- 2013નાં રોજ પાવનધામ કાંદિવલીમાં 1000 અંધ પરિવારોને મિષ્ટ ભોજન જમાડી એક મહિનાના અનાજની કીટ અર્પણ કરી.
- જુલાઈ મહિનામાં બીજા મેગા પસ્તી અભિયાન દ્વારા ડાયાલીસીસનું મશીન બેસાડવાનો પ્રોજેકટ.
- શાહપુરથી 40 કિ.મી. અંદર અદિવાસી ડી.બી. મોહને સ્કૂલમાં ગવર્મેન્ટ સપ્લાય સાથે વોટર ટેન્ક બેસાડી.
- જ્યાં દર ચાર દિવસે ફકત એક જ કલાક પાણી આવે છે એવા બે ગામડામાં બોરીંગ બેસાડી કાયમી ધોરણે પાણીની રાહત કરી આપવામાં આવી.
- કિરણ હોપ પ્રોજેકટ દ્વારા વિધવા બહેનોના સંતોનો જે ૫,૬,૭ ધોરણમાં ભણે છે એવા 100 વિદ્યાર્થીઓને એજયુકેશન સહાય.
- જ્યાં ઈલેકટ્રીસીટી જ નથી એવા વિસ્તારના 1200 થી વધારે ઘરોમાં સોલાર લાઈટ દ્વારા પ્રકાશ.

આ ઉપરાંત આગ લાગી હોય કે પુર આવ્યા હોય, બોમ્બ બ્લાસ્ટ હોય કે બિલ્ડીંગ કોલાપ્સ, ટ્રેઈન એકસીડન્ટ હોય કે ધરતીકંપ કે પછી સાધુ સંતોની વૈયાવચ્ચ હોય અર્હમ યુવા ટીમ સદાય સેવા માટે હાજર હોય.!!









મહાજન પાંજરાપોળ - રાજકોટને અનુદાન અર્પણ
કરતાં રાજકોટના શ્રેષ્ઠિવર્યો તથા અર્હમ યુવા ગ્રુપ

# JAIN KRANTI
# જૈન ક્રાંતિ

5th JULY 2013 YEAR: 13, ISSUE - 154

PAGES: 36 + 4 • RETAIL PRIZE: Rs.25

**SUBSCRIPTION:**

LIFE TIME (WITHIN INDIA): Rs. 2500

FOR 2 YRS. (WITHIN INDIA): Rs. 500

LIFETIME (ABROAD): Rs. 20000

FOR ONE YEAR (ABROAD): Rs. 2500

**FORMER EDITOR**
SHREE RASIKBHAI PAREKH

**PUBLISHER**
SHREE DEEPAKBHAI BHAYANI

**EDITOR**
SHREE PRATIMABEN BADANI
SHREE SANGEETABEN SHAH



**CONTACT:**
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-022-32043232

**EMAIL:**
pranpushpa@yahoo.com
parasdham108@gmail.com
jainkranti108@yahoo.com
website: www.parasdham.org



Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI,

**Printed at**
ACCURATE GRAPHICS PVT.LTD.
15/A, Samrat Mill Compound,
L.B.S Marg, Vikroli (West), Mumbai - 400 079.

**and Published at**
202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai-400 059.

**Editor**
DEEPAK K. BHAYANI.


આપનું મનગમતુ મેગેઝીન પ્રાણપુષ્પ...
હવે આપને મળશે જૈન ક્રાંતિ સ્વરૂપે...
જૈન સમાજનું ક્રાંતિકારી દર્શન


14-15




જૈન આગમ મિશન

18-23



અનન્ય અવધૂત

28-29



વન સ્ટેપ અપ

32



મહા પસ્તી અભિયાન


## પરિવર્તનની શરૂઆત થાય ત્યારે શરૂઆતમાં તે પચે નહીં અને પછી એના વિના ચાલે નહીં.

એક યુગ હતો, આજથી ૬૦-૭૦ વર્ષ પહેલાં બધાં જ ધોતિયાં પહેરતાં, એમાં ફિલ્મના હીરોએ પેન્ટ પહેર્યું હોય એને જોઈને જો કોઈ શ્રાવક નવી ફેશન અપનાવી, પેન્ટ પહેરી બહાર નીકળે એટલે બીજા બધાં એની ટીકા અને નિંદા કરતાં, પણ ધીરે ધીરે પરિસ્થિતિ એ થઈ ગઈ કે આજે બધાં જ પેન્ટ પહેરતાં થઈ ગયાં, આજે જો કોઈ યંગસ્ટર ધોતિયું પહેરીને બહાર નીકળે તો.!!! તો લોકો એના પર હસે.!

આ અંકના વિકાસદાતા: શ્રી કિરીટભાઇ મહેતા


## : પ્રકાશન સહયોગી સૌજન્ય દાતા :

શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન) • શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા) • વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા) • સ્વપનીલ શાહ (ઘાટકોપર) • પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા) • કલ્પના ગીરીશ દેસાઇ (પાર્લા) • ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ) • પ્રીતિ કાર્ડસ્ (વડોદરા) • શ્રી જયંતિભાઈ સંઘવી (સુરત) • ન્યુ વિઝન લેઝર સેન્ટર (વડોદરા) • હીના સેલ્સ કોર્પોરેશન (વડોદરા) • લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી) • ગુરુભકત પ્રણયભાઈ મહેતા (ઘાટકોપર) • મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા) • યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા) • મહાવીર ટેકસટાઈલ (કોલકતા) • હેત-ત્વીશા સંજય સંઘવી (ઘાટકોપર)

CHQ / DD should be in the favour of SHREE UVASSAGAHAR SEVA MANDAL


TO KNOW MORE ABOUT PUJYA GURUDEV - 9860905678

# પોતાનું નબળુ ગણવું નહીં, બીજાનું જોઈ બળવું નહીં.

બૌધ્ધ ગયામાં એક ૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલુ મંદિર છે. બૌધ્ધનું આટલું ભવ્ય મંદિર, પણ એમાં એક પણ બુધ્ધની મૂર્તિ નહીં, વિશાળ મંદિરની અંદરમાં એક સાડા પાંચ ફુટનો કમરથી વાંકો વળી ગયેલો માણસ, એના ખભા પર એક જોળી, આગળ ચાર પુસ્તક, પાછળ આઠ પુસ્તક, એક પાણીની મશક અને એક લાલટેન-એક લાકડી, આવો માણસ ચાલતો હોય એવી મુદ્રામાં એની મૂર્તિ હતી અને નીચે લખ્યું હતું.

**''યે વહી પરમ ઉપકારી મનુષ્ય હૈ જિનકે કારણ હમેં ભગવાન બુધ્ધકે દર્શન હુએ.''**

એનું નામ હતું હયુઆન શાંગ.

વર્ષો પહેલાં ઈન્ડીયામાં આવ્યો હતો ત્યારે તેના હાથમાં બૌધ્ધ ધર્મનો કોઈ ગ્રંથ આવ્યો હશે, એ વાંચ્યો અને થયું, અરે, આ તો આટલો બેસ્ટ ધર્મ છે. ! ! એ ગ્રંથને ખભ્ભા પર મૂકી ચાઈના લઈ ગયો અને એક એક લોકોને સમજાવવાનું શરૂ કર્યું, જુઓ ! ભગવાન બુધ્ધના ધર્મમાં શું કહ્યું છે, કેટલું શ્રેષ્ઠ કહ્યું છે, કેવું ઉત્તમ કહ્યું છે. ! એક એક કરતાં એણે ૧૩ કરોડ લોકોને, માત્ર ગ્રંથના આધારે, પુસ્તકના આધારે બુધ્ધિસ્ટ બનાવ્યા, ચાઈનાની સરકારે ૪૦૦ કરોડ ખર્ચીને એના માટે મંદિર બનાવ્યું !

બાર પુસ્તકને ત્યાંની ભાષામાં ટ્રાન્સલેટ કરી ૧૩ કરોડ લોકોને ધર્મના માર્ગે લાવી બુધ્ધિસ્ટ બનાવ્યાં.

આપણે શું કરીએ છીએ ?

જે મહાવીરનો ધર્મ પામીને આપણે આટલાં પાપથી બચી રહ્યાં છીએ, તે મહાવીર માટે આપણે શું કરીએ છીએ ?

આજે વિશ્વની ૩૫૦૦ લાઈબ્રેરીમાં તમને કુરાન, બાઈબલ, ગીતા, ધમ્મ પિટક, ગ્રંથ સાહિબ મળશે પણ ક્યાંય જૈન ધર્મના ઉપદેશ ગ્રંથ આગમ મળશે ? ? નહીં મળે... !

જે ધર્મમાં એના પ્રચારક માટે આટલું બહુમાન હોય તે ધર્મમાં એના ભગવાન પ્રત્યે કેટલો અહોભાવ હોય ?

અને આપણે. ? ? આપણે શું કરીએ છીએ ? ? ?

આપણે તો અંદર... અંદર... અંદર... અમે તો સ્થાનકવાસી અને તમે દેરાવાસી... અમે આ સંપ્રદાયના... તમે તે સંપ્રદાયના.. !

અંદર... અંદર... અંદર એકબીજાને ખેંચવામાંથી ઉપર આવતા જ નથી. એટલે આપણો ધર્મ જે વર્લ્ડ લેવલ સુધી પહોંચાડવો જોઈએ તે પહોંચાડી શકતા નથી.

**લંડનમાં એક વાર ડૉક્ટર્સની કોન્ફરન્સ હતી. આખા વર્લ્ડમાંથી ડૉક્ટર્સ આવ્યા હતા. ત્યાં બધાંએ પ્રયોગો બતાવવાના હતાં. ત્યાં ભારતમાંથી ડૉક્ટર પણ ગયાં હતાં. એ દિવસે દેડકાં પર પ્રયોગ બતાવવાનો હતો. બધાં કન્ટ્રીના ડૉક્ટર્સ બાઉલમાં દેડકા લઈને ગયા હતાં. ભારતના ડૉક્ટર પણ બાઉલમાં દેડકાં લઈને ગયા હતાં. બધાંના દેડકા બંધ બાઉલમાં હતાં.... જયારે ભારતના ડૉક્ટરના દેડકાં ઓપન બાઉલમાં હતાં.**

**બધાં ડૉક્ટર્સ વિચારમાં પડી ગયાં. અરે.. આ ઓપન બાઉલમાં હોવા છતાં એક પણ દેડકો બહાર કેમ નીકળતો નથી ? બધાંએ પ્રશ્ન કર્યો. શું તમે દેડકાઓને નાનપણથી શાંત રહેવા માટે ટ્રેઈન કરો છો ? બધાં કેવા શાંત બેઠા છે. શું કારણ છે ?**

**ભારતના ડૉક્ટર કહે, ના ભાઈ ના ! અમે દેડકાને કોઈ ટ્રેઈનીંગ આપતાં નથી. પણ અમારે ત્યાં સીસ્ટમ છે, એક દેડકો જરા પણ ઊંચો થવા જાય એટલે બીજા ચાર દેડકાં એનો પગ ખેંચીને પાછો બેસાડી દે. !**

એક વ્યક્તિ કંઈ કરવા જાય એટલે બાકીના ચાર એના પગ ખેંચીને પાછા... ! પોતાને કાંઈ કરવું નહીં અને કોઈ કરતું હોય તેને કરવા દેવું નહી.

આ જગતનો નિયમ છે, એક સાધુ આગળ વધે કે આગળ વધવા જાય એટલે બીજા સાધુ એને ડાઉન કરે. એક શ્રાવક જરાક પ્રગતિ કરે એટલે બીજો શ્રાવક તેને ડાઉન કરે.

આ જગતમાં ખેંચવા સિવાય બીજું કાંઈ નથી.

અંદર... અંદર... અંદર માંથી આપણે ઉંચા આવતાં જ નથી... એટલે વિશ્વ લેવલે જે ભગવાનની ઈમેજ પહોંચાડવી જોઈએ તે પહોંચાડી શકતા નથી.

આપણી પાસે નથી કોઈ એવા ટ્રેઈન થયેલાં યુવાનો કે નથી કોઈ વિશ્વની ભાષામાં અનુવાદિત થયેલાં આપણા આગમનાં ગ્રંથો.. ! !

આપણને રોજની લાઇફમાં પળે પળે મહાવીરનો ધર્મ ઉપયોગી અને ઉપકારી બને છે, એ ધર્મ માટે તમે શું કર્યુ ?

ભગવાનનો મહા ઉપકાર છે કે આપણા ઘરમાં મુર્ગી આવતી નથી અને શાક સુધારતી વખતે એક નાનકડી ઇયળનું ધ્યાન રખાય છે.

ભગવાનનો મહા ઉપકાર કે એમનો ધર્મ પામીને આપણે અનેક પાપથી બચી ગયાં... એ ભગવાન આપણા માટે કામના કે નકામા ?

**અને આપણે મહાવીર માટે કામના કે નકામા ? ?**




# ટીકા મારી ગુરુ પણ છે.

'જીવનમાં બે વસ્તુ જ નિશ્ચિત છે, એક મૃત્યુ અને સંબંધો.' પરંતુ મને એમ લાગે છે જીવન સાથે એક ત્રીજી વસ્તુ પણ સંલગ્ન છે અને તે છે ટીકા, આલોચના, નિંદા-'ક્રિટીસિઝમ'! ભાગ્યે જ કોઈ ટીકામાંથી બચી શકતું હોય છે.

**તમે કંઈ કરો તો પણ ટીકા થવાની અને**
**ન કરો તો પણ ટીકા તો થવાની જ !**

જીવનમાં જાતજાતની ટીકાઓનો મને અનુભવ થયો. દર મહિને કાર્યક્રમો સંબંધી સેંકડો પત્રો આવે. એમાં કેટલાંકમાં વખાણ હોય, પ્રશંસા હોય, કેટલાંકમાં નમ્ર સૂચનો હોય, જ્યારે કેટલાંકમાં આકરી તીખીતમતમતી ટીકા હોય ! શરૂ શરૂના વર્ષોમાં ટીકાથી દુ:ખ થતું, ક્યારેક ગુસ્સો આવતો, ક્યારેક ટીકા કરનાર પર ચીડ ચડતી. મને આ પ્રકારની ટીકાનો અનુભવ પહેલાં બહુ ન હતો એટલે આ ટીકા કેમ ખમવી, કેમ જીરવવી એ મારે શીખવાનું હતું. ખાસ કરીને તમે સ્વભાવે મૃદુલ હો, લાગણીશીલ હો અને પ્રમાણિક હો તો આ પ્રકારની ટીકાથી તમારું સમગ્ર લાગણીતંત્ર ખળભળી ઉઠવાનું. તમે એ ટીકાને પક્ષી પોતાની પાંખ પરથી પાણીનાં ટીપાં ખંખેરી નાંખે છે, તેમ તમારા મનમાંથી ખંખેરીને ફેંકી નહીં શકો. તમારા હૃદયમાં એ ચચર્યા જ કરશે.

ઘણાં કહેતાં હોય છે, 'કોઈ મારી ટીકા કરે તે તો મારાથી ખમાય જ નહીં અને તેમાં પણ મારી પીઠ પાછળ કોઈ કશું ખરાબ બોલે તો તે મારાથી સહન જ ન થાય !' તો તમને સાંભળવા મળશે,'કોઈ પ્રશંસા કરે તે મને બહુ જ ગમે. કોઈ પ્રશંસા કરે, વખાણ કરે ત્યારે છાતી ગજ-ગજ ફૂલે છે !' વાત સાચી છે, ટીકા કરવી સહેલી છે, ટીકા ખમવી અઘરી છે.

ટીકા અને પ્રતિસાદ - Criticism and Feedback - વચ્ચે તફાવત છે. ટીકા એક પ્રકારનો ચુકાદો આપી દે છે. એમાં બોધ, સલાહ અને ક્યારેક ઉતારી પાડવાનું તત્ત્વ રહેલું હોય છે. જ્યારે પ્રતિસાદ 'ફીડબેક' હકારાત્મક અને ઉપયોગી હોય છે. ખરી વાત એ છે કે ટીકા કરતાં પણ આવડવું જોઈએ. માતા-પિતા અને સંતાનો, પતિ-પત્ની, શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘૃણા ઉભી થવાનું કારણ ટીકા કરવાની અણસમજ અને અણઆવડત હોય છે ! ટીકા સારી રીતે ન થઈ હોય- એ રચનાત્મક ન હોય તો એનાથી સામી વ્યક્તિને માઠું લાગવાનું અને એ ટીકા પાછળ જે કાંઈ ઉપયોગી થાય એવું હોય છે તેને પણ નકારી કાઢે છે.'મારે માટે એ આવું બોલી કે લખી જ કેમ શકે ? એ એના મનમાં સમજે છે શું ?' આપણા મનમાં એના પ્રત્યે સખત ગુસ્સો આવે છે. આપણા ટીકાકાર પ્રત્યે દ્વેષભાવ રાખવાથી આપણા મનમાં જ એક વિષ સંચિત થવાનું અને નુકશાન આપણને જ થવાનું...

જ્યારે પણ કોઈ આકરી ટીકાથી આપણું મન વિક્ષુબ્ધ થઈ જાય ત્યારે મનને કહી દો,'ટીકામાંથી કોણ બચ્યું છે ?' મોટાં મોટાં સમર્થ અને મહાન સ્ત્રી- પુરુષોની પણ ટીકા થઈ છે. એમના પર આકરાં પ્રહારો થયાં છે. ઈશુખ્રિસ્તને ફાંસીને માંચડે ચડાવી દીધાં, **કારણકે એમનાં સમકાલીનો એમનાં વિચારોને સાંખી શક્યાં નહીં.** રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી, મહર્ષિ કર્વે એ બધાંને ટીકાના પ્રહાર ખમવા પડ્યાં છે. અમેરિકાના પ્રમુખ અને મહાન માનવતાવાદી અબ્રાહિમ લિંકનને એમનાં મિત્રો કહેતાં હતાં, **'તમારાં વિરોધીઓની ટીકાનો તમે સણસણતો જવાબ કેમ નથી આપતાં ?**

'ત્યારે એમણે બહુ સરસ કહ્યું હતું, **'મારી ટીકા કરનારાઓના બધાં પત્રોના જવાબ આપવા બેસું તો મારું કામ જ મારે બંધ કરવું પડે !**

હું જાણું છું કે મારાથી જેટલું ઉત્તમ રીતે થઈ શકે એ રીતે હું કામ કરું છું, જે સાચું છે તે આખરે સાચું જ ઠરવાનું છે. **મારો ગમે તેટલો વિરોધ કરવા છતાં એ સત્ય તરીકે બહાર**

**આવશે જ અને પરિણામ જેનું ખોટું આવશે તેનો હું ગમે તેટલો બચાવ કરીશ તો પણ એ ખોટું જ સાબિત થવાનું છે !'**

એક ભાઈ મહાત્મા ગાંધીજીના સેક્રેટરી હતાં. તેણે કહ્યું, 'પૂજ્ય બાપુજીના સેક્રેટરી તરીકે હું કામ કરતો હતો ત્યારે એમનાં પર આવતાં પત્રો અને તાર વગેરે ફોડીને વ્યવસ્થિત રીતે પહોંચાડવાનું કામ મને સોંપાયું હતું. બાપુ પર રોજનાં પાંચ-સાત પત્રો કે તાર એવાં આવતાં કે જેમાં બાપુની ભર પેટ નિંદા જ હોય ! એવા તાર અને પત્રો હું જુદાં જુદાં તારવી લેતો અને બાપુને આપતો જ નહીં. એક દિવસ બાપુ કહે, ' તમારા આવ્યાં પછી હું આટલો બધો સજ્જન કેવી રીતે થઈ ગયો ?' પછી બાપુએ ફોડ પાડયો, તમે રોજ લોક નિંદા ભર્યા તાર કાઢી લ્યો છો ને ? મેં હા પાડી. બાપુએ એક મોટી ફાઈલ ખેંચી કાઢી અને મને બતાવ્યું, 'જુઓ, આ આખી ફાઈલ એવા નિંદાભર્યા તારની જ છે.જાઓ, તમે એ તારવી લીધેલા તાર લઈ આવો.' હું તાર એમની પાસે લઈ ગયો. એ જોઈને બાપુ કહે,

**'જે આપણા અહ્‌મ તરફ આંગળી ચીંધે છે**
**એ આપણો સાચો મિત્ર.'**

આપણે જાણીએ છીએ કે બાપુએ **ટીકાઓથી ડરીને પોતે જેને સાચું માનતા હતાં એને કદી છોડયું નથી એને પોતાની ભૂલ એમને લાગી છે ત્યારે ખૂલ્લે દિલે એકરાર કરતાં તેઓ અચકાયા નથી.** આવો અનાસક્ત સ્થિતપ્રજ્ઞ્ય ભાવ તો વિરલ વ્યક્તિઓમાં જ હોય છે.

**લોકોનું કામ બોલવાનું છે.**
**લોકોનું કામ ટીકા કરવાનું છે.**

તમે એમની જીભ બંધ નહીં કરી શકો.' તો પ્રશ્ન એ થાય છે કે આપણે ભલે ને એક સામાન્ય માણસ હોઈએ કે પછી નામાંકિત વ્યક્તિ હોઈએ- ટીકા તો ક્યારે ને ક્યારે થવાની જ અને આપણે એનો સામનો કરતાં શીખવું પડશે, જેથી આપણે ટીકાના બાણથી ઘવાઈએ નહીં. એનો ત્રિપાંખિયો સામનો કરવો પડશે ! (૧)લાગણીના સ્તર પર (૨) બૌધિક સ્તર પર અને (૩) વ્યવહારિક સ્તર પર.

પહેલું તો એ કે આપણે બને તેટલા નિરપેક્ષ ભાવે આપણી સામે થયેલી ટીકાનો વિચાર કરવો જોઈએ. હું જાણું છું, આ જરાયે સહેલું નથી. આપણો અહ્‌મ વચ્ચે આવવાનો જ, પરંતુ પ્રયત્નથી આપણે ટીકાનો 'Objective view' લેતાં થઈ શકીશું.

ટીકા સામે ટકી રહેવાનું બીજું પગથિયું બૌધિક છે. વખાણ આપણને રાજી કરે છે, તો **ટીકા આપણને સતેજ અને જાગૃત બનાવે છે.** આપણા દોષો, આપણી ક્ષતિઓ અને ઊણપો તરફ આપણું ધ્યાન આપણા ટીકાકારો દોરે છે. આપણે ક્યાં છીએ- કેવાં છીએ તેના પર વેધક પ્રકાશ ફેંકે છે. આપણે યાદ રાખીએ કે જાણકાર અધિકારી વ્યક્તિની ટીકા કે અભિપ્રાયની કિંમત હોય છે. કેટલીક વખત આપણને ટીકા સીધી સાંભળવા મળતી નથી પણ એક મોંએ થી બીજા મોંએ.. એમ ફરી ફરીને તમારી પાસે આવતી હોય છે- ભર્તૃહરિના અમૃતફળની જેમ ! એમાં સંભવ છે કે મીઠું-મરચું ભભરાવીને અતિશયોક્તિ થઈ હોય !

**કેટલાંકને બે વ્યક્તિઓ વચ્ચે તાપણું સળગાવવાની મજા આવતી હોય છે.**

હા, ક્યારેક કોઈક ટીકા આપણને નુકશાન કરે તેવી હોય, આપણું ચારિત્ર ખંડન કરનારી હોય ત્યારે એનો રદ્દિયો આપવો જ જોઈએ. સાચી હકીકત આપણે જણાવવી જ જોઈએ.

**જ્યારે વાસ્તવમાં આપણે સાચા હોઈએ ત્યારે આપણે ટીકાથી ડરવું જોઈએ નહીં, ગભરાઈને સ્વીકારેલી ફરજ કે કાર્ય છોડવું ન જોઈએ.**

ડેલહાઉઝીએ કહ્યું હતું, 'It is much easier to be critical than correct.' સાચું કરવાનું અઘરું જ છે. દોષ કાઢવાનું તો સહેલું જ છે. અમેરિકન કલ્ચરમાં આજકાલ ટીકાને વ્યક્તિના સ્વમાન, ગૌરવ પરના એક પ્રહાર તરીકે લેખવામાં આવી છે. જ્યારે જાપાનીઝ કલ્ચરમાં ટીકાને કાર્ય વધુ સારું કરી શકાય એ માટે જરૂરી લેખવામાં આવી છે.

તમારે ટીકા પ્રત્યે મોટું મન રાખવું જોઈએ. તમને ન ગમતું હોય કે ન રુચતું હોય તો પણ સાંભળતા શીખો- 'Learn to listen' બાળકોને રચનાત્મક ટીકા કેવી રીતે સ્વીકારવી તે શીખવવું જ જોઈએ, They should be taught how to cope with criticism.

કોઈક કડવી ટીકા તમને હાડે વાગી જાય એવું બને ત્યારે એલબર્ટ હ્યુબર્ટ કહે છે તે યાદ કરવાનું,

'To avoid criticism is to do nothing, say nothing and be nothing.'

**તમારે ટીકા કે નિંદા ન જોઈતી હોય તો કશું કરો નહીં, કશું બોલો નહીં. અને કશું બનો નહીં.**

આપણે કશુંક નોંધપાત્ર કે વિશિષ્ટ કરીશું તો ટીકા થવાની... ટીકા કરવી, બીજાના દોષ જોવા એ તો સહેલું જ છે પણ ગુણકારી થવું, બીજાના સારા ગુણોની પ્રશંસા કરવી એ તો હૃદયની વિશાળતા હોય તો જ થાય... !

ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.એ જણાવેલ કે ટીકા મારી ગુરુ છે. મારી ટીકામાંથી મને ઘણું શીખવા મળે છે. મારે કોઈની નિંદા કરી તેના વણમાગ્યા ગુરુ બનવું નથી.

- શ્રી મુકેશભાઇ શાહ

તીર્થંકરના પ્રથમ શિષ્યો ગણધર કહેવાય અને પરંપરાથી જે બને તે આચાર્ય કહેવાય. ગણધરો જે તીર્થંકરોએ એમની પ્રજ્ઞામાં, એમના કેવળજ્ઞાનમાં જોયું અને જાણ્યું હોય એની જ રચના કરે જ્યારે આચાર્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને લક્ષ્યમાં રાખી, તે સમયે ક્યું ક્ષેત્ર છે, ત્યાંના લોકોની કેવી વિચારધારાઓ છે, કેવી માન્યતા છે, તે સમયે કેવા સંજોગો છે તે બધાંને ધ્યાનમાં રાખીને રચના કરે.



# સિધ્ધાંત...અને સમાચારી

તીર્થંકરના મુખેથી નીકળતાં ઉપદેશને સિધ્ધાંત કહેવાય છે અને આચાર્ય કે ગુરુના મુખેથી નીકળતા આદેશને સમાચારી કહેવાય છે.

**તીર્થંકર ત્રિકાળજ્ઞાની છે અને આચાર્ય મહાજ્ઞાની છે.**

તીર્થંકર એટલે જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ તીર્થના સ્થાપનાર છે. આચાર્ય એ છે જે તીર્થંકરે રચેલા તીર્થ રૂપી સંઘની વ્યવસ્થા સંભાળનારા છે.

બિલ્ડર મકાન બનાવે છે, પણ બિલ્ડર એ મકાનમાં થોડી રહે છે? બીજા બધાં લોકો એમાં રહે છે. બિલ્ડર બિલ્ડીંગની વ્યવસ્થા કરે છે. **સંઘનું જે સ્ટ્રકચર બનાવે તે તીર્થંકર છે અને બનેલા સ્ટ્રકચરને જે ચલાવે તે આચાર્ય છે.** તીર્થંકર ધર્મ ન ચલાવે, આચાર્ય ધર્મ ચલાવે. તીર્થંકર સ્પષ્ટરૂપમાં આદેશ આપતા નથી, વ્યક્તિરૂપ આદેશ આપતા નથી. સમષ્ટિરૂપ ઉપદેશ આપે છે. એકને કહેવામાં આવે તેને વ્યક્તિરૂપ કહેવાય, સૌને કહેવામાં આવે એને સમષ્ટિરૂપ કહેવાય. 'શિબિર કરવા જેવી છે' તે ઉપદેશ છે, 'તારે શિબિર કરવાની છે' તે આદેશ છે. પગ દુખે તો પણ ભણવાનું છે તે આદેશ છે, પગ દુખતા હોય તો પણ ભણવું જોઇએ તે ઉપદેશ છે. પગ દુખતા હોય તો પણ સેશન છોડવું ન જોઇએ તે ઉપદેશ , પગ દુખે તો પણ સેશન નહીં છોડવાનું તે આદેશ છે.

ઉપદેશ હિતકારક હોય છે. આદેશ વ્યક્તિગત હિતકારક હોય છે.

ઉપદેશ બધાંને આપી શકાય, આદેશ બધાંને ન આપી શકાય. સમર્પિત માટે આદેશ હોય, સાંભળવાવાળા માટે ઉપદેશ હોય.

સ્કુલમાં ટીચર ભણાવતા હોય ત્યારે શું કહે ? ટી.વી. ન જોવાય અને ઘરે મા પોતાના બાળકને શું કહે ? ટી.વી નથી જોવાનું. સર્વ માટે ઉપદેશ હોય વ્યક્તિ માટે આદેશ હોય.

**તીર્થંકરના બોધને સિધ્ધાંત કહેવાય.**
**ગુરુ કે આચાર્યની શિક્ષાને સમાચારી કહેવાય.**

તીર્થંકર ત્રિકાલદર્શી છે એટલે જે ત્રિકાળ નિયમ લાગુ પડે છે તેને સિધ્ધાંત કહેવાય. સમય અનુસારના નિયમોને સમાચારી કહેવાય છે.

તીર્થંકરે કહ્યું છે, આર્ય ક્ષેત્રમાં વિચરણ કરવું જોઇએ. પણ ગુરુ કહે છે, આ આર્ય ક્ષેત્રમાં વિચરણ ન કરવું જોઇએ. તીર્થંકરે 'હા' પાડી અને તમે 'ના' પાડો છો ? તીર્થંકરે 'હા' પાડેલ તે સમૂહ ગત ત્રિકાલ જોઇને હા પાડેલ પણ હમણાં એ એરિયાનાં રાજા અને પ્રજા અનાર્ય જેવા બની ગયા છે. હમણાં ત્યાંની સ્થિતિ બદલાઇ ગઇ છે. તેથી ત્યાં વિચરણ ન કરવું જોઇએ. એટલે ત્રિકાલ માટે ભગવાનની વાત યોગ્ય છે પણ વર્તમાન જોઇને આચાર્ય આદેશ આપે છે.

તમે જેને આધીન હો તે આચાર્ય. જે આપણા અનુશાસક હોય તે આચાર્ય.

ગુરુ પરંપરાને ગણ કહેવાય છે. જેમ તમારામાં સરનેમ ચાલે છે એમ અમારામાં ગણ ચાલે છે. ગણ એટલે એક ગુરુની પરંપરા. 'અમે ડુંગરસિંહજી મહારાજ સાહેબના ગણના સાધુઓ છીએ' ડુંગરસિંહજી મહારાજથી ગણ ઓળખાય છે. એમના શિષ્યો, એમના શિષ્યો... શિષ્યોએ ભેગા મળી એમને ગણાધિપતિ, ગણનાયક, ગચ્છનાયક, આચાર્ય સ્થાપિત કરેલાં હતાં. ગણ એટલે સમુદાય.

સમય અનુસાર નિયમ સર્જે અને વિસર્જન કરે તે આચાર્ય છે. સમય અનુસારના નિયમોનું સર્જન અને વિસર્જન તે સમાચારી છે.

ઉદાહરણ તરીકે, હોલ બનાવવો તે તીર્થંકરનું કાર્ય છે. એ હોલમાં કયા કેટલાં રૂમ, રસોડું, બાથરૂમ ઉભા કરવા તે આચાર્યનું કામ છે. એ હોલની બહાર નથી નીકળતા. હોલમાં રહીને જેટલાં ઇન્ટરનલ ફેરફાર કરવાની જેની પાસે સત્તા છે તે આચાર્ય છે.

બિલ્ડર તીર્થંકર છે.

આર્કીટેકટ આચાર્ય છે.

મેઇન મેઇન નિયમો જેમણે સર્જી દીધાં તે તીર્થંકર છે. પણ સમય અનુસારના જે નિયમો છે તે આચાર્ય બનાવે છે. આચાર્યની સત્તામાં બારી, દરવાજાના ફેરફારોની સત્તા છે પણ પ્લોટમાં ફેરફાર નક્કી કરવાની સત્તા આચાર્ય પાસે નથી.

સમય અનુસારના જે નિયમ નક્કી કરે, તેને સમાચારી કહેવાય.

ભગવાનના નિયમને તોડયા વગર સમય અનુસાર પોતાના નિયમ બનાવવા તેને સમાચારી કહેવાય.

ભગવાન મહાવીરે બે પ્રકારની સાધના બતાવી હતી. જિનકલ્પી અને વ્યવહાર કલ્પી. જિનકલ્પીના દેહ પર વસ્ત્ર પણ નહીં અને હાથમાં પાત્ર પણ નહીં, એવી જીવન વ્યવસ્થા અને વ્યવહાર કલ્પી માટે વસ્ત્ર અને પાત્રાની છૂટ...!!

સાધક માટે બે વસ્તુ સામે સામે આવતી હોય, સિધ્ધાંત અને સમાચારી, ત્યારે શું પાળવું ? ક્યારેક સિધ્ધાંત કરતાં સમાચારી વિમુખ દેખાતી હોય. ભગવાને સાધુને કહ્યું છે કે, ચાર જ પાત્રા વાપરવા. ગોંડલ સંપ્રદાયની સમાચારીમાં સાત પાત્રા વાપરવા એમ લખ્યું છે. હવે શું કરવું ? ગુરુ કહે છે એ સાચું કે ભગવાને કહ્યું છે તે સાચું ? ત્યારે સાધક સામે પ્રશ્ન ઉભો થાય. સમાચારી આમ કહે છે, સિધ્ધાંત આમ કહે છે. તો શું કરવું જોઇએ ? તીર્થંકરોએ ત્રિકાલીક જોયું છે. ત્યારના સંઘયણ એ પ્રકારના હતાં. એક મોટું પાત્ર આવતું, એમાં બધી વસ્તુ આવી જતી. હવે એવા મોટા પાત્ર જ નથી બનતા અને બને તો ઉપાડવાની ક્ષમતા જ નથી એટલે ગુરુએ જોયું કે અત્યારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ, સ્થિતિ, સંયોગ પ્રમાણે આ યોગ્ય છે.

**|| બલં થામં ચ પેહાએ સધ્ધા મારુગ્ગ મપ્પણો**
**ખેતં કાલં ચ વિન્નાય તહપ્પાણં નિંજુજએ ||**

બલં - શરીરના બળને જાણવું. સાધનાની પહેલાં શરીરનાં બળને જાણવું જરૂરી છે.

થામં - પોતાની ક્ષમતાને જાણવી. બે રાત જગાડો તો ત્રીજે દિવસે તાવ આવી જાય... ભાવ હોય પણ ક્ષમતા ન હોય.

પેહાએ - સાધના કરતાં પહેલાં જોવું જોઇએ કે મારી ક્ષમતા કેટલી છે ?



મારુગ્ગ - મારી તબિયત કેવી છે ?

અપ્પણો - પોતાના.

ખેતં - એરીયા કયો છે ? અફઘાનિસ્તાન છે કે પાકિસ્તાન છે ? કે પછી ઇન્ડિયા છે ? ગામડું છે કે શહેર છે ?

કાલં - કાળ કયો છે ? સવાર છે ? બપોર છે ? સાંજ છે ? ઊનાળો છે ? શિયાળો છે ? અનુકૂળ કાળ છે કે પ્રતિકૂળ કાળ છે ?

વિન્નાય - વિજ્ઞાતાને એનાં ઊંડાણ સુધીનું જ્ઞાન હોવું જોઇએ, જાણકારી હોવી જોઇએ.

તહપ્પાણં - તેવી રીતે પોતાના આત્માને,

નિંજુજએ - કર્મોની સામેના યુધ્ધમાં, સાધનામાં લગાડવો જોઇએ.

શારિરીક ક્ષમતા ન હોય અને કહે મારે માસખમણ કરવું છે તો ચાલે ?

આ બધું જોઇને જે બને તેને સમાચારી કહેવાય. બળ, ક્ષમતા, સધ્ધા, આરોગ્ય, ક્ષેત્ર, કાળ જોઇને જે થાય તેને સમાચારી કહેવાય.

### સિધ્ધાંત અને સમાચારી !

તીર્થંકરનો ઉપદેશ જેમાં હોય તે સિધ્ધાંત અને આચાર્યનો આદેશ જેમાં હોય તે સમાચારી. સિધ્ધાંત ત્રિકાલ એક જ હોય. સમાચારી સમય અનુસાર બદલાતી હોય.

સિધ્ધાંત મોટા નિયમોથી સર્જાય છે, સમાચારીમાં નાના નિયમો હોય છે.

સમાચારી સમુદાય અનુસાર અલગ અલગ હોય છે. જેમકે બધાં માણસ, પણ રણમાં રહેતો માણસ લાંબા લાંબા કપડાં પહેરશે. આરબના કપડાં લાંબા શા માટે હોય ? બહુ રેતી ઉડતી હોય એટલે બધું બાંધીને રાખતાં. હવે રેતી વગરના દેશમાં રહે છે તો પણ પહેરવેશ જતો નથી.

સાધુઓના કપડાં છૂટાં કેમ ?છૂટાં કપડાંમાં ગરમી ઓછી લાગે માટે તેના બ્રહ્મચર્યની રક્ષા બરોબર થાય. સાઉથના લોકો લુંગી કેમ પહેરે છે ? કેમકે ત્યાં ગરમી વધારે છે.

શિષ્યનું ડાયરેકટ કનેકશન કોની સાથે હોય ? આચાર્ય સાથે કે ભગવાન સાથે ? શિષ્યનું ડાયરેકટ કનેકશન સમાચારી સાથે હોય છે, સિધ્ધાંત સાથે નથી હોતું. શિષ્ય માટે આગમ વાણી કરતાં પણ આચાર્ય વાણીનું મહત્વ હોય છે, પરંતુ આચાર્યવાણી આગમ સંમત હોવી જોઇએ.

શિષ્ય માટે સમાચારી મહત્ત્વની કે સિધ્ધાંત મહત્ત્વના ? શિષ્ય માટે સમાચારી મહત્ત્વની અને ગુરુ માટે સિધ્ધાંત મહત્ત્વના.

સિધ્ધાંતને ન પાળે તે ગુરુ ન કહેવાય. સમાચારી ન પાળે તે શિષ્ય ન કહેવાય. ગુરુ સિધ્ધાંતથી બંધાયેલા છે.

**ગુરુ માટે આગમ એ આજ્ઞા છે,**
**શિષ્ય માટે આજ્ઞા તે આગમ છે.**

ગુરુ સર્વજ્ઞને આધીન હોય છે અને શિષ્ય ગુરુને આધીન હોય છે. શિષ્ય માટે આજ્ઞા એ જ આગમ છે માટે તેણે બુધ્ધિ વાપરવાની ન હોય.

પધારો... ગુરુભગવંતો પધારો...
પધારો... સતીવૃંદ પધારો...
સેવા, સાધના અને સમર્પણતાના સંકુલ
પારસધામમાં... પધારો...




રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.
અમારા પ્રેરણાદાતા અને આત્મ ઉદ્ધારક...
જિન શાસનના ઊર્જા પુરુષ...
આપનું ચૈતન્યતત્ત્વ અને આપની આત્મશક્તિના આંદોલનો...
આપના સાંનિધ્યમાં આવનારને પરમ ઊર્જાથી પ્રભાવિત કરે છે...!!
આપને અમારા કોટિ કોટિ વંદન

- ગુરુભક્ત મહેતા પરિવાર



# માત્ર સારી વ્યક્તિ જ અન્યોથી અલગ હોય છે.

- એન. રઘુરામન.

*દરેક વ્યક્તિ બીજાથી અલગ થવા ઇચ્છે છે. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે માત્ર સારા માણસ હોવાથી જ તમે અન્યોથી અલગ થઇ જાવ છો. તેથી વિશ્વમાં સારા લોકોની સતત અછત હોય છે. તેથી સારા લોકોએ કરેલું પ્રત્યેક કામ અન્યોથી અલગ મનાય છે.*

આબા વિઠ્ઠલ રાણાવરે મુંબઇની સિટી બસ સર્વિસ બેસ્ટના ડ્રાઇવર છે. ડ્રાઇવિંગ સીટ પર બેસીને પણ તે રસ્તાની બંને બાજુ નજર રાખતા રહે છે. મુંબઇમાં ગેરકાયદે કપાતા ઝાડ પર તે ચાંપતી નજર રાખે છે. આબા ખેડૂત પરિવારના હોવાથી લીલોતરી પ્રત્યે તેમને ખૂબ જ લગાવ છે. બસ ચલાવતી વખતે રસ્તામાં ક્યાંય પણ ઝાડ કપાતાં જોતાં જ આબા પોલીસ અને સિવિલ તંત્રને જાણ કરે છે. હવે પરિસ્થિતિ એવી થઇ છે કે નિયમિતરૂપે ઝાડ કાપનારા આબાની બસને જોઇને રફુચક્કર થઇ જાય છે. જો કે આબાની નજરમાંથી કશું બચતું નથી. પોલીસ અને સિવિલ તંત્ર પણ તેમના ફોનની રાહ જોતા હોય છે. સૂચના મળે તે સાથે જ તેઓ જે તે સ્થળે પહોંચીને આરોપીઓને ઝડપી લે છે. આબા દાવો કરે છે કે ઝાડ બચાવીને તે કુદરતની કરૂણા અને દયાનું દેવું ચૂકવી રહ્યાં છે.

જમ્મુ-કાશ્મીરમાં લોકો પોલીસને સૌથી વધુ નફરત કરે છે. પરંતુ આ જ પોલીસે ત્યાંના યુવાનો માટે 'છૂના હૈ આસમાન' નામના મ્યુઝિકલ હંટ કાર્યક્રમનું આયોજન કર્યું તો પોલીસ પ્રત્યેની ધારણા લોકોમાં બદલાઇ. પારસ્પરિક પ્રેમ અને જરૂરિયાતની સમજ સાથે તેઓ એક બીજા માટે કંઇક કરી શકે છે તેવી ભાવના મજબૂત થઇ. આ મહિનાની 15 તારીખે ટેલેન્ટ હંટ કાર્યક્રમ પૂરો થયો. સમગ્ર કાર્યક્રમમાં અંદાજે 1 લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતિમ દિવસે ફાઇનલમાં લગભગ બધાંની આંખમાં આંસુ હતાં. 28 મી જૂને વિશ્વ કરૂણા દિવસ હતો. જીવનમાં કોઇ સાર્થક પહેલ માટે આ સૌથી સારૂં મુહૂર્ત હોઇ શકે છે. આ પહેલ કોઇના પણ માટે હોઇ શકે છે.

વર્ષ 2002માં પૂર્ણિમા સ્વપનને 49 વર્ષની વયે ગર્ભાશયનું કેન્સર હોવાની જાણ થતાં આંચકો લાગ્યો. તેમના 59 વર્ષીય પતિએ પૂર્ણિમાની સર્જરી કરાવી અને ત્યાર બાદના મેડિકલનાં બીલો ચૂકવવામાં જીવનની કમાણી હોમી દીધી. પત્નીની સારવારમાં તેમને 10 વર્ષ લાગ્યા અને આ માટે તેમણે અનેક વખત કોલકત્તાથી મુંબઇની ટાટા મેમોરિયલ હોસ્પિટલનો પ્રવાસ ખેડવો પડયો. સ્વપન કલાકાર છે અને વાયોલીન વગાડે છે. હવે 69 વર્ષના થઇ ગયેલા સ્વપને પત્નીના બીલોની ચૂકવણી કરવા માટે સમગ્ર દેશમાં ફરીને અનેક શો કર્યા. તેમણે પત્ની પ્રત્યેનો પ્રેમ દર્શાવવા માટે રચનાત્મક માર્ગ અપનાવ્યો.

**સાભાર : સહિયર**



ગુરુના મુખમાંથી નીકળતો શબ્દ માત્ર શબ્દ ન હોય
આત્માના અનંતહિતનો સંકેત હોય
તેને માત્ર સંભળાય નહીં... અનુભવાય.!

–ગુરુભક્ત

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ના વાંચના અંશ



ભીમજી સ્વામી અને કાનજી સ્વામી બંને ભાઇઓ હતાં. **તેમાં ભીમજી સ્વામીને શિષ્ય હતાં. દેવજી સ્વામી તેમના શિષ્ય હતાં અને મોટા દૂધીબાઇ સ્વામી ભીમજી સ્વામીના શિષ્યા હતાં.** દૂધીબાઇ શાસ્ત્રના ઘણા અભ્યાસી હતાં. દેવજી સ્વામી તેમની પાસે વાંચણી લેતા. દૂધીબાઇ ઘણા વર્ષ વિચરેલા તેથી સાત દીક્ષા કરી હતી. દૂધીબાઇને સાત શિષ્યા હતાં. **જ્યારે ચાલવાની શક્તિ ન રહી ત્યારે જેતપૂરમાં સ્થિર રહ્યાં. ડોળી કે વ્હિલચેરનો ઉપયોગ કરવામાં ચારિત્ર રહેતું નથી. મહાન આરંભકારક હોવાથી સ્થિર રહ્યાં. આજના ચારિત્ર ગુમાવીને ધર્મપ્રભાવના કરવા નીકળ્યાં છે.**

દૂધીબાઇના એક શિષ્યા મીઠીબાઇ, તે ચિતલમાં સ્થિર થયા હતાં.ત્યાં તપસ્વીજી અનેકવાર પધારેલા. વેરાવળના ઓસવાલ કુટુંબના દેવકુંવરબાઇ વિધવા થવાથી વૈરાગ્ય આવેલ તેથી દીક્ષાની ભાવના થઇ અને તે મોટા દૂધીબાઇ પાસે દિક્ષા લેવાના હતાં. ઘરનાની આજ્ઞા મળી એટલે તપસ્વીજીના દર્શન કરવા અને આજ્ઞા લેવા આવેલા. તપસ્વીજીએ કહ્યું કે તારે દીક્ષા સાથે કામ છે કે વ્યક્તિ સાથે ? તો દેવકુંવરબેન કહે છે, આપ જે કહો છો તે મારે કરવાનું છે. મારે દીક્ષા લેવી છે. તપસ્વીજીએ મીઠીબાઇનું નામ આપ્યું તો જેવી આપની આજ્ઞા કહીને તે વાતને સ્વીકારી લીધી. તપસ્વીજીનું કહ્યું દેવકુંવરબાઇએ માન્યું તો કડવી વેલની જેમ તેનો વેલો ઘણો ફેલાયો. દેવકુંવરબાઇએ મીઠીબાઇને મહાન બનાવી દીધા.આજના દીક્ષાર્થી મહાનને મહાણ બનાવે છે. દેવકુંવરબાઇને તપસ્વીજીએ સાત શિષ્યા સોંપ્યા તેમાં એક બાલ બ્રહ્મચારી મણીબાઇ હતાં. બીજા વિધવા હતાં. દેવકુંવરબાઇના બધાં શિષ્યા જીંદગી પર્યંત સાથે રહ્યાં અને તેમના કાળધર્મ પછી પણ સાથે રહ્યાં.

- ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજની વાંચના
૧૯/૧૦/૯૩ મંગળવાર
સંકલન: સાધ્વી સુબોધિકા

# A PROUD
## Moment for every Gujaratis

### કોલકત્તાના દિલીપ બી. દેસાઇ ગ્રુપ અને મુંબઇના હરિભક્તિ ગ્રુપ વચ્ચે વ્યૂહાત્મક જોડાણ...

ડી.બી. દેસાઇ ગ્રુપ ચેરમેન સીએ શ્રી દિલીપ બી દેસાઇએ મુંબઇના શ્રી વી.બી. હરિભકિત અને શ્રી શૈલેષ વી હરિભકિતના સુપ્રતિષ્ઠિત હરિભકિત ગ્રુપની સાથે વ્યૂહાત્મક જોડાણ સ્થાપિત કર્યું છે.

આ ઐતિહાસિક ઘટના આપણા સહુ માટે વિશેષ ગૌરવની વાત છે, કારણકે આ જોડાણનું સંચાલન સંભાળનાર બંને સારથીઓ સીએ ગુજરાતી છે. ! આ જોડાણ પછી આ નવી કંપની ભારતની ઓડિટીંગ, ટેક્સેસન, કોર્પોરેટ એડ્વાઇઝીંગ અને એકાઉન્ટીંગ ક્ષેત્રે મોટામાં મોટી કંપની બની છે. હાલમાં જ ભારત સરકારે દેસાઇ-હરિભક્તિની રિઝર્વ બેંકના સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે નિમણૂંક કરી છે. એટલું જ નહી, આજે વિશ્વની ટોચની એમએનસી અને ભારતના લગભગ સર્વે ટોચના કોર્પોરેટ હાઉસીસ દેસાઇ-હરિભક્તિના ક્લાયન્ટ્સ છે.

શ્રી દિલીપ બી. દેસાઇ, ઇન્સ્ટીટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા, આઇ.આઇ.એમ તથા ભારત અને વિદેશની વિવિધ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યૂટમાં લેકચરર રહ્યાં છે. તેમણે ભારત સરકારના વરિષ્ઠ ટેક્સ અધિકારીઓ સમક્ષ લેકચર્સ આપ્યાં છે, તેઓ એસોએમ, ફિક્કી, એમ.પી.સી વગેરે સહિતની સંસ્થાઓમાં ફિસ્કલ અને ટેક્સેશન કમિટીઓના સભ્ય કે ચેરમેન રહ્યાં છે અને આમ યાદી લંબાતી જાય છે. તેમણે ઓસ્લો, નોર્વેમાં આયોજિત ૫૬ મી વર્લ્ડ કોંગ્રેસ ઓફ ટેક્સેશન સહિત અસંખ્ય પરિસંવાદો તથા કાર્યશાળાઓમાં ભાગ લઇને તેમાં અમૂલ્ય પ્રદાન કર્યું છે. ભારત સરકાર તથા અન્ય રાષ્ટ્રોની સરકારો પણ ટેક્સેશન બાબતે તેમની પ્રોફેશનલ સલાહ લે છે.

તેમની પ્રેરણા અને શક્તિ એમના માટે એમના મધર છે.

દિલીપભાઇની વ્યવસાયિક સફળતાનો શ્રેય તેમના પત્ની મીનળબેનને જાય છે. તેમના અપાર તથા નિર્વ્યાજ સહયોગ વગર દિલીપભાઇ આજે જ્યાં પહોંચ્યા છે ત્યાં ન પહોંચી શક્યા હોત. જયેષ્ઠ બંધુ ભરતભાઇ તથા ભાભી ડિમ્પલબેન પણ દિલીપભાઇએ મેળવેલી સિધ્ધિઓ બદલ ખૂબ ગૌરવાન્વિત છે.

**બંને ભાઇઓના આ બૃહદ પરિવાર ઉપર જૈન ધર્મ અને રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના ધાર્મિક સિધ્ધાંતો અને માર્ગદર્શનની ઊંડી અસર છે.**



# fpô$ks `Äe Nfvh$îu_p eND`Lpf L$$ `fjp\

-¸ÉÒ NÉiÉ´ÉlÉ§ÉÉ> ¥ÉÙ´ÉÉ³«ÉÉ

JAIN AAGAM MISSION

ÙÉº÷ »ÉlÉ ¬É. NÉÙq´É ¸ÉÒ {ÉªÉ©ÉÊ{É ©É.»ÉÉ.{ÉÒ §ÉÉ´É{ÉÉ U H «ÉNÉ»÷»É +{É NRI A¬ÉÙÉlÉ Ê´ÉÊ´ÉyÉ »oÉ³ ´É»ÉlÉÉ W{ÉÉ W {ÉÊ¾ Ê´É·´ÉOÉÉ ´É»ÉlÉÉ W{É W{ÉlÉÙÉ §ÉNÉ´ÉÉ{É ©É¾É´ÉÒù{ÉÉ A¬Éq¶É OÉoÉ "+ÉNÉ©É'{É +É³LÉ-»É©ÉW, ´ÉÉSÉ-Ê´ÉSÉÉù {É +ÉSÉù¡ÉÉ ©ÉHÒ ¬ÉÉlÉÉ{ÉÉ +ÉlÉ©ÉÉ{É Ay´ÉNÉ©É{É Hù. ¬É. NÉÙq´É{ÉÒ AlH÷ ]LÉ{ÉÉ U H ¾XùÉ{ÉÒ »ÉL«ÉÉ©ÉÉ ¬É¾±ÉÉ @ÎN±É¶É©ÉÉ +{É ¬ÉUÒ q¶É +{É Ê´É·´É{ÉÒ Ê´ÉÊ´ÉyÉ §ÉÉºÉÉ©ÉÉ +É OÉoÉÉ{ÉÉ +{É´ÉÉq oÉ«É. §ÉÉùlÉ§Éù +{É Ê´É·´É{ÉÒ ©ÉL«É ±ÉÉ«É¦ÉùÒ +{É OÉoÉ§ÉeÉùÉ©ÉÉ +ÉNÉ©É OÉoÉÉ @ÎN±É¶É §ÉÉºÉÉ©ÉÉ »É±É§É ¥É{É. §ÉÉùlÉ +{É Ê´É·´É{ÉÒ ©É¾ÉÊ´É±É«ÉÉ{ÉÉ lÉn´É[ÉÉ{É Ê´É§ÉÉNÉÉ, «ÉÉ{É´ÉÊ»É÷ÒÉ Ê£±ÉÉ»ÉÉ£Ò Êe¬ÉÉ÷©É{÷©ÉÉ §ÉNÉ´ÉÉ{É ©É¾É´ÉÒù{ÉÒ Ê£±ÉÉ»ÉÉ£Ò{ÉÒ +ÉNÉ©É OÉoÉÉ wÉÙÉ »÷eÒ HùÉ´ÉÒ ¶ÉHÉ«É ©ÉÉ÷ +ÉNÉ©É OÉoÉÉ{É l«ÉÉ ¬É¾ÉSÉÉe´ÉÉ.




Êe»É©¥Éù 2010, PÉÉ÷HÉ¬Éù ¬ÉÉù»ÉyÉÉ©É{ÉÉ A¬ÉJ©É NÉùÙ¡ÉÉiÉ +ÉNÉ©É ¥É«ÉÒ»ÉÒ{É ¬É. NÉÙq´É NÉWÙÉlÉÒ{É ¬É{É: ¡ÉHÉ¶É{É HùÉ´É«É +{ÉÉ ±ÉÉHÉ¬ÉiÉ{ÉÉ §É´«É +´É»Éù ""+ÉNÉ©É ©É¾ÉlÉ»É´É"' wÉÙÉ PÉÙ-PÉÙ, W{É-W{É »ÉyÉÒ +ÉNÉ©É OÉoÉÉ ¬É¾ÉSÉÉe´ÉÉ{ÉÉ A¬Éq¶É +É¬É«ÉÉ, +q§ÉlÉ »É£³lÉÉ ¡ÉÉ¬lÉ HùÒ. ´ÉºÉ 2012 X{«É+ÉùÒ©ÉÉ ¬ÉÉ´É{ÉyÉÉ©É, HÉÉq´É±ÉÒ LÉÉlÉ §É´«É +ÉNÉ©É ©É¾ÉlÉ»É´É{É +É«ÉÉW{É oÉ«É.

LÉ±±ÉÒ +ÉLÉ »´É¬{É »ÉX´É{ÉÉù ÙÉº÷ »ÉlÉ «ÉNÉ Êq´ÉÉHù ¬ÉV«É NÉÙq´É +{ÉH »´É¬{ÉÉ ¬ÉÉlÉÉ{ÉÒ NÉW¥É »ÉÉyÉ{ÉÉ +{É ¡ÉSÉe »É®«ÉH ¬ÉÙ©ÉEÉoÉ wÉÙÉ {É ©ÉÉmÉ »ÉÉHÉÙ G«ÉÉ U ¬ÉiÉ +¾©É «É´ÉÉ OÉ¬É, ±ÉH +{Ée ±ÉÉ{É, ¬ÉÉù»ÉyÉÉ©É, ¬ÉÉ´É{ÉyÉÉ©É, ¬ÉÉ´ÉmÉyÉÉ©É +{É ¬ÉUÒ »ÉX´«É +H ©É¾É»´É¬É… §ÉNÉ´ÉÉ{É ©É¾É´ÉÒù{ÉÉ A¬Éq¶É OÉoÉÉ ""+ÉNÉ©É''{ÉÉ @ÎN±É¶É +{É´ÉÉq{É §É´«É HÉ«É.

+{É ¬ÉUÒ ÙSÉÉiÉÒ +ÉNÉ©É ©É¾ÉlÉ»É´É{ÉÒ +H Ê´ÉÉ¶Éº÷ ¶ÉLÉ±ÉÉ… »ÉlÉlÉ… »ÉlÉlÉ… +É »É´ÉÉ ´ÉºÉ©ÉÉ +ÉNÉ A¬Éù ¬É. NÉÙq´É{ÉÉ »ÉÉ (100) oÉÒ +ÊyÉH ¡É´ÉSÉ{ÉÉ… ¾»lÉÒÙlÉ{É ¬Éù ¬ÉÉ´ÉmÉ +ÉNÉ©É ¶ÉÉ§ÉÉ «ÉÉmÉÉ+É… ¸ÉÉ´ÉHÉ+É{ÉÉ ©É»lÉH ¬Éù ¬ÉÉ´ÉmÉ +ÉNÉ©É OÉoÉ »ÉÉoÉ +ÉNÉ©É ¶ÉÉ§ÉÉ«ÉÉmÉÉ… +ÉNÉ©É ¬Éù {ÉlÉ«É{ÉÉ÷HÉ, »´ÉÉqÉ +{É {ÉÉ÷HÉ.

§ÉNÉ´ÉÉ{É ©É¾É´ÉÒù{ÉÉ ´ÉSÉ{ÉÉ WÉÉ +Ê§É¡ÉlÉ U, NÉiÉyÉù wÉÙÉ ´ÉÒù´ÉÉiÉÒ{ÉÉ »¬Éq{ÉÉ WÉÉ ]Ò±ÉÉ«ÉÉ U +´ÉÉ §ÉNÉ´ÉÉ{É ©É¾É´ÉÒù{ÉÉ A¬Éq¶É OÉoÉÉ ¡ÉlÉ«É qùH ¸ÉÉ´ÉH - ¸ÉÉ´ÉHÉ{ÉÉ ¾«ÉÉ{ÉÉ +¾§ÉÉ´É AXNÉù Hù´ÉÉ ¬É. NÉÙq´É{ÉÒ ¡ÉÙiÉÉoÉÒ «ÉÉX«É U +ÉNÉ©É ©É¾ÉlÉ»É´É, WÉÉ +ÉNÉ©É ¬ÉÙ{ÉÒ ¬ÉÙÒKÉÉ+É, +q§ÉlÉ +ÉNÉ©É ¡Éq¶É{ÉÉ, +ÉNÉ©É H´ÉÒ], W{É +ÉNÉ©É ÊÉ¶É{É +lÉNÉlÉ +ÉNÉ©É{ÉÉ ¬ÉÉùSÉ«É ¬Él»ÉlÉHÉ{É NÉWÙÉlÉÒ +{É @ÎN±É¶É©ÉÉ ¡ÉHÉ¶É{É +{É Ê´ÉlÉùiÉ. A¬ÉÉ»ÉH q¶ÉÉNÉ{É »ÉÉKÉ¬ÉlÉ ¡ÉHÉ¶É{É @ÎN±É¶É©ÉÉ +{É +ÉNÉ©É NÉÉoÉÉ+É{ÉÉ ""»´ÉÉy«ÉÉ«É »ÉmÉ'' ¥ÉH{É ¡ÉHÉ¶É{É oÉ«É U.

+ÉNÉ©É OÉoÉÉ ¡ÉÉlÉ W{É©ÉÉ{É»ÉÉoÉÉ +¾§ÉÉ´É +{É +ÉHºÉiÉ WNÉÉ´ÉÉ ¬É. NÉÙq´É +ÉNÉ©É ©É¾ÉlÉ»É´É{ÉÒ ¶ÉLÉ±ÉÉ ÙSÉÒ W ©É¥É>{ÉÉ +{ÉH ¬ÉÙÉ+ÉoÉ Ê´É»lÉÙÒ lÉ³ ©É¥É> SÉÓSÉ¬ÉÉH±ÉÒ, q´É±ÉÉ±ÉÒ, +{ÉHÉ>, ©É{É©ÉÉe, W±ÉNÉÉ´É +{É lÉ{ÉÉ Ê´É»lÉÉù Ê´Éq§ÉÉoÉÒ ¥ÉÒe ÊW±±ÉÉ+É +ÉùNÉÉ¥ÉÉq »ÉyÉÒ Ê´É»lÉ«ÉÉ +{É ¬ÉUÒ qÊKÉiÉ §ÉÉùlÉ©ÉÉ ¾qùÉ¥ÉÉq, ¥ÉNÉ±ÉÉù +{É SÉÉ{{É>©ÉÉ ¡É»É«ÉÉ.

Ê´É §ÉÉùlÉ{ÉÉ HÉ±ÉHlÉÉ »ÉÊ¾lÉ +{ÉH Ê´É»lÉÉùÉ©ÉÉ +ÉNÉ©É{ÉÉ »ÉlÉlÉ NÉW{É oÉ«ÉÉ. ¬É÷ù¥ÉÉùÉ©ÉÉ ¬ÉÙ©É q¶ÉÉ{ÉH NÉÉe±ÉÉNÉSU Ê¶ÉÙÉ©ÉiÉÒ ¬É. ¸ÉÒ W«ÉlÉÉ©ÉÉ{ÉY ©É.»ÉÉ.{ÉÉ +É +Ê§É«ÉÉ{É{É +Ê¶ÉÒ´ÉÉq ¡ÉÉ¬lÉ oÉ«ÉÉ +{É +É +ÉNÉ©É »ÉÉ¾lÉ«É{É AXNÉù HùlÉÒ ¬ÉÉ´É{É «ÉÉmÉÉ+É ´ÉÉe¶Éqù, +©ÉqÉ´ÉÉq, »ÉÙ{ÉxÉNÉù©ÉÉ ¡É»ÉÙÒ +{É lÉ¬É»ÉªÉÉ÷{ÉÒ HÊ§ÉÉ©ÉÉ ÙÉWHÉ÷©ÉÉ lÉ{É +H Ê´ÉÊ¶Éº÷ ©ÉHÉ©É ©É²«ÉÉ.

§ÉNÉ´ÉÉ{É ©É¾É´ÉÒù{ÉÉ »ÉlÉ«É, +Ê¾»ÉÉ, +{ÉÉùOÉ¾, +{ÉHÉlÉ +{É KÉ©ÉÉ{ÉÉ Ê»ÉyÉÉlÉ +{É lÉ©ÉÉ{É »ÉÉq¶É Ê´É·´ÉÉ +H Ê´É¶ÉÉ³ £±ÉH ¬Éù ¡É»ÉÙ +{É ±ÉÉHÉ »ÉyÉÒ ¬É¾ÉSÉ… +¾Ò ÙÉº÷»ÉlÉ, «ÉNÉÉq´ÉÉHù ¬É. NÉÙq´É{ÉÒ Ê´ÉSÉÉùyÉÉùÉ NÉÉlÉlÉÉ{ÉÉ NÉ±±É±É Hù U…

+É A¬ÉÙÉlÉ ÊeH¶É{É{ÉÙÒ ©ÉÉ÷, ¡É£[illegible]

પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી ''જૈન આગમ મિશન'' દ્વારા આગમ અનુવાદનું કામ એક વર્ષથી શરૂ થઈ ચૂક્યું છે.

આ મિશનને દેશ-વિદેશના અનેક વિદ્વાનોનો સહયોગ મળી રહ્યો છે. આ કાર્યમાં સમગ્ર જૈન શાસનના તમામ ફિરકાના વિદ્વાન ગુરુભગવંતો અને વિદ્વાન સતીવૃંદનું માર્ગદર્શન સાંપડી રહ્યું છે. આગમની મૂળ ગાથાના ઈંગ્લિશ ટ્રાન્સલીટરેશન માટે મુંબઈ યુનિવર્સિટી, જૈનોલૉજીના પ્રૉફેસર્સ અને પુનાના વિદ્વાનોની ટીમ કાર્યરત છે.

આગમના ઈંગ્લિશ અનુવાદમાં ઉપયોગી થઈ શકે તેવો ''આગમ પરિચય કોશ'' મુંબઈ અને અમદાવાદના વિદ્વાનો પૂ. ગુરુદેવ પ્રેરિત ''જૈન વિશ્વકોશ'' અંતર્ગત તૈયાર કરી રહ્યાં છે.

અગિયાર અંગસૂત્રો અને આવશ્યક સૂત્રનાં અનુવાદનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. દીપાવલી સુધીમાં બે આગમ ગ્રંથોનું પ્રકાશન થઈ શકશે.

રીડીંગ માટે, ડી.ટી.પી. માટે, રેફરન્સીસ માટે ઘણા બધાંનો સહયોગ મળી રહ્યો છે. આગમ મિશનના વિદ્વાનો અને પરામર્શકોની વર્ષ દરમિયાન ત્રણ કૉન્ફરન્સ અમદાવાદ, મુંબઈ અને ચેન્નઈમાં મળી હતી. આવશ્યક સૂત્રનું પ્રુફ રીડીંગ ચાલુ છે, શ્રી આચારાંગ સૂત્ર -ભાગ ૧,૨, શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર-ભાગ ૧,૨, શ્રી સમવાયાંગ સૂત્ર, શ્રી ઉપાસક દશાંગ સૂત્રોનું ટ્રાનસલેશનનું કાર્ય સુપેરે થઇ રહ્યું છે. જૈન આગમ મિશનની મુંબઇ, અમદાવાદ અને રાજકોટ ઓફીસ દ્વારા આ અંગેની સંપૂર્ણ કાર્યવાહી થઇ રહી છે.

**જૈન ધર્મનું જ્ઞાન અને ઈંગ્લિશ ભાષાના જાણકાર ભાઈ-બહેનોને જૈન આગમ મિશનમાં જોડાવા અમારું હાર્દિક નિમંત્રણ છે.**

આ મિશન માટે પરિગ્રહના પર્વતમાં તિરાડ પાડી દાનની ગંગા વહાવી છે, તેવા દાતાઓના શ્રુતપ્રેમીની અમે અભિવંદના કરીએ છીએ. ઘણા શ્રાવક-શ્રાવિકાઓ, શુભેચ્છકો અને જિજ્ઞાસુઓ મિશનનું કાર્ય ક્યાં સુધી પહોંચ્યું છે તેની પૃછા કરવા સાથે ''અમારી સેવાની કોઈ પણ પ્રકારે જરૂર હોય તો જણાવશો''નું આત્મીય વચન બોલી અમારા ઉત્સાહમાં વધારો કરનાર સુહૃદ્જનોનો આભાર માનીએ છીએ.


સંપર્ક સૂત્ર

સંવાહકો જૈન આગમ મિશન

ગુણવંત બરવાળિયા - ગિરીશ શાહ

Contact - 9820215542


# જૈન આગમ મિશનનું એડવાઈઝરી બોર્ડ

## વિદ્વાન પરામર્શકો

| | |
|---|---|
| પ્રો. ડૉ. નાગરાજાહ | - બેંગ્લોર યુનિવર્સિટી |
| પ્રો. ડૉ. નલિની બલબીર | - યુનિવર્સિટી ઑફ પેરિસ |
| પ્રો. નગીનભાઈ જે. શાહ | - પૂર્વ અધ્યક્ષ: એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલૉજી - અમદાવાદ. |
| ડૉ. કે. સી. છોગાની | - અપભ્રંશ સાહિત્ય એકેડેમી અને સુખડિયા યુનિવર્સિટી - જયપુર. |
| પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | - ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી ગુજ. યુનિવર્સિટી - અમદાવાદ. |

## જૈન આગમ મિશનના વિદ્વાનોની ટીમ

| | |
|---|---|
| ડૉ. દિનાનાથ શર્મા | - અમદાવાદ |
| ડૉ. પ્રો. તેજસ્વિની જાંગડા | - બેંગ્લોર |
| ડૉ. પ્રો. પ્રિયદર્શના જૈન | - ચેન્નઈ |
| ડૉ. યોગેશ્વર શાસ્ત્રી | - અમદાવાદ |
| શ્રી અંશુમાલીન શાહ | - બેંગ્લોર |
| શ્રી નરોત્તમ રાણા | - નાસિક |
| ડૉ. જગતરામ ભટ્ટાચાર્ય | - શાંતિનિકેતન - વેસ્ટ બેંગાલ |
| ડૉ. લતા બોથરા | - કોલકત્તા |
| ડૉ. સુનંદા શાસ્ત્રી | - અમદાવાદ |
| શ્રી સુરેન્દ્ર બોથરા | - જયપુર |
| શ્રીમતી ઉમા શાહ | - મુંબઈ |
| શ્રી કુમાર મેનન | - મુંબઈ |
| શ્રી જિજ્ઞેશ સંઘવી | - મુંબઈ |
| શ્રી વિનોદ કપાસી | - લંડન |

ગુરુદેવ! આપ અમારા જીવનમાં આવ્યાં... અમે ધન્ય બની ગયાં...!
પાવન પ્રવેશનાં સ્નેહભર્યાં શુભેચ્છાવંદન...!!

-ઠોસાણી પરિવાર

# *CRESCITA : "Multiplying Wealth & Opportunities"*

CRESCITA GROUP

## CRESCITA ADVISORS LLP
## CRESCITA ADVISORS (PTE) LTD (SINGAPORE)
## CRESCITA BUILDERS LLP

## *Financial Advisory Services*

- Equities, Commodities, Equity Derivatives (Futures & Options), Currency Derivatives, Mutual Funds, Primary Markets (IPO's) & Private Equity Advisory in Financial Markets
- Non Resident Indian (NRI), PIO, OCI, Individual & Foreign / Domestic Institutional Investors (FII / DII), Advisory & Portfolio Management Services
- Fundamental, Technical & Quantitative Research based Financial Advisory Services

## *Real Estate Advisory Services*

- Next Generation Residential Real Estate Investment Opportunities & Investments in Second / Vacation Homes
- Opportunities ranging from Affordable to Premium-Signature Residential Real Estate
- ***Recently Launched :***

  Upcoming ***40 Storey Residential Tower "Zeus Residency"*** at SION, Mumbai, with all recreational & modern amenities and situated in the heart of Mumbai City

## *Crescita Group*

CRESCITA GROUP

- Get your all Financial Services & Real Estate Advisory needs sufficed at a one stop shop
- Proactive & professionally managed group with vast experience in Financial & Realty Sectors for identifying & creating opportunities
- Dedicated team for Portfolio & Real Estate Management Services for Non Resident Indian Individuals & Institutional Investors
- Strong Research team with experience based knowledge & high levels of professionalism.

***Contact :***

Hemant Thosani - +91-98200 71477 Mitesh Shah - +91-98200 75298 Bhavesh Shah - +91-97573 52597

***Mumbai Office :***

**101/102, Midas Tower, 1st Floor, Bhaudaji Road Extension, Sion West, Mumbai 400022**
**Tel: +91-22-2404 4 786 / 2404 9 786 (Tel/Fax) • Mob: +91-9757 22 1234 / 9757 333 444 / 9969 333 444**
**Email : info@crescitagroup.com • Web : www.crescitagroup.com**

***Singapore Office :***

**#03-18, High Street Centre, 1, North Bridge Road, Singapore – 179094**
**Tel: +65-6338 5404 / 6338 0402 • Fax: +65-6339 8742 • Mob: +65-9126 2665 – Mr B R Shah**

# મારા ભાવ

આ પામરને બીજો જન્મ દેનાર મારા જીવનને સરળ કરનાર મારા પૂ. ગુરુદેવના ચરણોમાં કોટિ કોટિ વંદન...

હે ભંતે ! આપની કૃપા દ્રષ્ટીથી મોક્ષપદની યાત્રામાં કેવી રીતે ચાલવુ તેનું ભાન થયું.

મેં તો ભગવાન મહાવીરને જોયા નથી, પણ મારી માટે તો આપ જ મહાવીર છો.

ગુરુદેવ ! આપ ન મળ્યા હોત તો મારુ શું થાત ?

આપની આજ્ઞાનુસાર 'સ્વ' ની સાથે પહેચાન થાય એવા આશીર્વાદ આપો...

- આત્માભિલાષી
રાજેશ ગોસલિયા અને પરિવાર,
ચૈન્નઈ

## ગુરુનુ શરણ અને ગુરુની આજ્ઞા શા માટે ?

સાધના કરતાં પહેલાં ઈચ્છા જન્મે અને
સાધના કરતી વખતે અહમ્... ! ઈચ્છાનું મૃત્યુ
થાય અને અહમ્નો જન્મ જ ન થાય... માટે
ગુરનું શરણ અને ગુરની આજ્ઞા અનિવાર્ય છે.

-શ્રી મહેતા પરિવાર- બેંગ્લોર
શ્રી રાજુભાઇ, શ્રી અરવિંદભાઇ,
શ્રી તુષારભાઇ, શ્રી સંજયભાઇ



# અનન્ય અવધૂત

**તપસમ્રાટ પૂ.ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.નું જીવન કવન**

– યુગ દિવાકર પૂ. નમ્રમુનિ મ.સા.



## તપસમ્રાટ મહાનતાની મૂર્તિ

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ એટલે મહાનતાની મૂર્તિ. ! !

એમનું વ્યક્તિત્વ એટલે જાણે ગુણોની ગાગર. ! ! આવા અનેક ગુણોના સ્વામી અને મહાન વ્યક્તિને જ્યારે હજારો લોકો માન અને સન્માન આપતાં હતાં ત્યારે કેટલાંક એવા પણ હતાં જે એમની મહાનતાને હિનતાથી જોતાં હતાં.

મહાન વ્યક્તિઓને, મહાપુરુષોને કોઈ સામાન્ય વ્યક્તિ ઓળખી જ ન શકે અને ઓળખી ન શકે એટલે સમજી તો ક્યાંથી શકે ? મહાપુરુષોની પાસે દીર્ઘદૃષ્ટિ હોય, આંતરિક શક્તિ હોય એટલે એ જે કરતાં હોય તે લાંબુ જોઈ વિચારીને કરતાં હોય પણ અલ્પ દૃષ્ટિવાળા સમજી ન શકે એટલે એમને એ અયોગ્ય લાગે.

એક રાજા જ્યારે સિંહાસન પર બેઠો હોય અને પ્રજાના હિતના કાર્યો કરતો હોય, લોકોને ન્યાય આપતો હોય ત્યારે તે રાજા મહાન લાગતો હોય. પણ એ જ રાજા જ્યારે નગર ચર્યા પર નીકળ્યો હોય અને દૂરથી કોઈના રડવાનો અવાજ સાંભળે, એ દિશામાં જાય અને જુએ કે કોઈ બાળક ગંદા નાળામાં પડી ગયું છે અને બહાર નીકળવા તડપી રહ્યું છે.

પ્રજાના રક્ષક, પ્રજાના પાલક રાજાએ શું કરવું જોઈએ ?

રાજા એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના, એ ગંદા નાળામાં જાય છે અને બાળકને બહાર કાઢે છે, બાળકને બચાવે છે. ઘણા લોકો આ દૃશ્ય જુએ છે.

એમાં જે સમજુ હોય છે એને રાજાનું કાર્ય દેખાય છે, પ્રજા પ્રત્યેનો પ્રેમ અને હિતની ભાવના દેખાય છે. એમના માટે રાજા પ્રત્યેનું માન અને આદર વધી જાય છે, એમની દૃષ્ટિમાં રાજા માત્ર મહાન જ નહીં મહાનતાની મૂર્તિ બની જાય છે.

જ્યારે જે અણસમજુ અને અજ્ઞાની હોય છે તેમને રાજાના ગંદા થયેલાં વસ્ત્રો દેખાય છે, એમને મન... આવા ગંદા વસ્ત્રો વાળા રાજા કેવા લાગે ? રાજાએ કાંઈ આવું કામ કરાય ? સેવકોને, નોકરોને કહેવાય ને ? ?

અરે ભાઈ ! નોકરને બોલાવે અને નોકર આવે ત્યાં સુધીમાં તો બાળક ડૂબી જાય. ! ! અને રાજાના વસ્ત્રો ખરાબ થયાં છે, તેની પાછળનું કારણ એક ડૂબતા બાળકને બચાવ્યો છે. મહાપુરુષો જે કાંઈ કરતાં હોય તે બીજાના હિત, શ્રેય અને કલ્યાણ માટે કરતાં હોય, સંસાર સાગરમાં ડૂબતાં જીવોને બચાવવા માટે કરતાં હોય, પણ અણસમજુ અને અજ્ઞાનીઓ એને સમજી ન શકે અને વિઘ્ન સંતોષીઓ અને ઈર્ષ્યાળુઓ એને પચાવી ન શકે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે પણ એમના જીવનમાં અન્યના કલ્યાણ અર્થે કેટલાંક એવા નિર્ણયો લીધાં હતાં જેના કારણે કેટલાંક લોકો એમના વિરોધમાં ગયાં, કોઈએ શંકા કરી તો કોઈએ અશ્રધ્ધા. !! કેટલાંય અપમાન સહન કરવા પડયાં.

પણ માન હોય કે અપમાન, જેને મન હોય સમાન, તે જ વ્યક્તિ બની શકે મહાન. !

કેટલાંય વિરોધના પત્ર આવે, નનામી કાગળો છપાય, પત્રિકાઓ બહાર પડે, ઉપાશ્રયના દ્વાર બંધ કરી દેવામાં આવે. કોઈ પરવા નહીં, કોઈની પરવા નહીં, મારો આત્મા સાક્ષી છે, જો આવા એક નિર્ણયથી અનેક આત્માઓનું હિત થતું હોય તો હું બધું સહન કરવા તૈયાર છું.

**જ્યારે પણ કોઈ એમના વિરુધ્ધની વાત લઈને આવે અને ભક્તો સામે જવાબ આપવાની વાત કરે ત્યારે એક જ વાત કહે, 'મારૂં મૌન જ મારો જવાબ છે !' એ એમનો સ્વભાવ છે, અને આ મારો સ્વભાવ છે.**

રસ્તા પર ચાલતાં હો અને માનો કે કોઈ કૂતરૂં તમને બટકું ભરી જાય તો તમે શું કરો ? એને જવાબ આપવા એને બટકું ભરો કે એને એના રસ્તે જવા ધ્યો. ? ? ?

જો આપણે પણ સામું બટકું ભરવા જઈએ તો એનામાં અને આપણામાં ફરક શું ? ?

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે શાંતિથી, સમતાભાવે દરેક ઘટના અને દરેક પરિસ્થિતિઓને સહન કરી, વિરોધીઓને પણ પ્રેમથી આશીર્વાદ આપ્યાં, અપમાન કરવાવાળાના ઘરે પણ પગલાં કરવા ગયાં અને બધાંને પોતાની ભૂલનું ભાન થયું, ત્યારે જ આજે આટલાં વર્ષો પછી પણ, એમની વિદાય થઈ ગઈ છતાં પણ સહુના હૃદયમાં જીવંત છે, લોકો એમને માને છે, એમની પૂજા અને ભક્તિ કરે છે.

તપસમ્રાટનું સત્ય અને એમની નિષ્ઠા એમના મૌન અને એમના વાઈબ્રેશન્સ્માં અનુભવાતી હતી. એમના ભક્તોને પણ એમના પ્રત્યે અત્યંત અહોભાવ અને દૃઢ શ્રધ્ધા હતી. ગમે તેવો વિરોધ અને ગમે તેવી અફવા સામે આવે તેઓની શ્રધ્ધા ક્યારેય વિચલિત ન થાય, તેઓનો વિશ્વાસ ક્યારેય ન ડગમગે એવા સમર્પિત ભક્તો હતાં. બસ ! એક જ ભાવ... મારા ગુરુદેવ જે કાંઈ કરે છે એની પાછળ કંઈક સંકેત હશે, કોઈના હિતની ભાવના હશે. એમની પાસે એક વિઝન છે, એટલે જે કરતાં હશે તે યોગ્ય જ કરતાં હશે.

જેમને તમે ઓળખી ન શકો, તેમને તમે ક્યારેય માપી ન શકો. મહાપુરુષોને ક્યારેય માપવાના ન હોય, એમને તો કાયમ માણવાના હોય, એમના માર્ગે ચાલવાનું હોય, એમની આજ્ઞાઓનું પાલન કરવાનું હોય.

એમને મગજથી સમજવાના ન હોય, એમને તો હૃદયથી સ્વીકારવાના હોય. એમને ઓળખવાના ન હોય. એમના ચરણમાં અર્પણ થવાનું હોય.

સાચો ભક્ત, સાચો શિષ્ય એ જ કહેવાય જેના મુખમાં સદાય એક જ શબ્દ હોય... તહત. ! તમે જે કહો છો તે સત્ય છે, તમે જે કરો છો તેમાં તથ્ય છે.

એ યોગ્ય છે કે અયોગ્ય એ વિચાર કરવા જેટલી પણ મારી ક્ષમતા નથી. મને તો એટલી જ ખબર છે આપણો જન્મ જન્મથી સંબંધ છે અને તમે મને મોક્ષ યાત્રામાં આગળ વધારી રહ્યાં છો. આપના થકી જ હું મારી મંઝિલ સુધી પહોંચી શકીશ.

આવા સમર્પિત શિષ્ય જ ગુરુ જ્ઞાનને પામી શકે, ગુરુતત્ત્વને અનુભવી શકે અને શિષ્યત્ત્વને પ્રગટ કરી શકે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ એક જ શિક્ષા આપતાં. આપણે કોઈને સામા જવાબ આપવા નથી, આપણે કોઈના પ્રત્યે દ્વેષભાવ રાખવો નથી. હું જે છું તે છું. જેમને યોગ્ય લાગે તે આવે. મને કોઈની સાથે વિરોધ નથી, મારો કોઈને અનુરોધ નથી. હું મારી પૂર્ણ શાંતિ અને સમાધિમાં છું, હું પ્રસન્ન છું.

સમય જ હર એક સમસ્યાનું સમાધાન છે. માટે યોગ્ય સમયની રાહ જોવી.

પૂજ્ય ગુરુદેવની આવી નિષ્કંપતા, અડગતા અને સમતાભાવ જોઈ ભક્તોની શ્રધ્ધા દિન પ્રતિ દિન વધતી જ જતી હતી.

જે એકવાર ગુરુદેવના થઈ જાય પછી એના કાનમાં કોઈ ઝેરનું એક ટીપુ પણ નાંખી ન શકે, જે એકવાર ગુરુદેવના થઈ જાય તેને કોઈ પ્રલોભન લલચાવી ન શકે, કોઈ ડગાવી ન શકે, કોઈ તસુભાર પણ વિચલિત કરી ન શકે. કેમકે, એ જ એમના ગુરુને જાણતા હોય, સમજતા હોય અને વિશેષમાં હૃદયથી સ્વીકાર્યા હોય એટલે કોઈ વિકલ્પને સ્થાન જ ન હોય. !!

એમનું સ્થાન તો ગુરુના ચરણ હોય અને ચરણથી શરણ સુધી પહોંચવુ એ જ એની સાધના હોય.

ભક્તની આવી ભક્તિ, આવી શ્રધ્ધા, આવી સમર્પણતા જ એમને શ્રેષ્ઠ બનાવે છે.

વિરોધીઓ એક સંતનો એક મહાપુરુષનો વિરોધ કરી, એમની અશાતના કરી કર્મો બાંધતા હતા અને તપસમ્રાટ પૂ. ગુરુદેવ સમતા ભાવે સહન કરીને કર્મોનો ક્ષય કરતાં હતાં.

એક સમયે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ રાજકોટમાં ઉપાશ્રયમાં બિરાજીત વયોવૃધ્ધ સાધ્વીજીને દર્શન દેવા જતાં હતાં. ગામમાં સમાચાર ફેલાઈ ગયાં. સાધ્વીજી જે ઉપાશ્રયમાં હતાં એ ઉપાશ્રયના પ્રમુખ તપસમ્રાટ પૂ. ગુરુદેવના કટ્ટર વિરોધી હતાં. એ તરત જ ભક્તિનગરના એ ઉપાશ્રયમાં બહાર જ ઊભા રહી ગયાં. ગુરુદેવને કહે, તમને અંદર નહીં જવા દઉં. !

ગુરુદેવે શાંતિથી કહ્યું, જેવી તમારી ભાવના, સંઘ પણ તમારો છે અને ઉપાશ્રય પણ તમારો છે. હું તો તમારા ઉપાશ્રયમાં જે સાધ્વીજી સૂતાં છે એમને દર્શન દેવા આવ્યો હતો. મારૂં કામ દર્શન દેવાનું હતું તે મેં એમને આપી દીધાં. બસ ! હવે થોડાં જ દિવસોમાં એમની વિદાય થવાની છે.

અને વચન સિધ્ધ તપસમ્રાટના વચન પ્રમાણે થોડા જ દિવસોમાં એ સાધ્વીજી વિદાય પામ્યા.

થોડા સમય પછી પ્રમુખ દર્શન કરવા આવ્યાં.

ગુરુદેવના ચહેરા પર ત્યારે પણ સ્મિત હતું અને આજે પણ સ્મિત હતું ગુરુદેવે માત્ર એટલું જ કહ્યું, કાલે સવારે હું તમારે ત્યાં પગલા કરવા આવવાનો છું અને જેમણે પોતાના ઉપાશ્રયમાં આવવા ન હતા દીધાં અને અપમાન કર્યું હતું એમના જ ઘરે પ્રેમથી પગલાં કરવા ગયાં.

આવી મહાનતાની મૂર્તિ હતાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ.!! **યુગપુરુષ ક્યારેય સામાન્ય ન હોય અને સામાન્ય હોય તે ક્યારેય યુગપુરુષ ન હોય.!**

## નિર્ભયતાની પ્રતિભા...!!

જ્યારે એક આત્માને, દેહ અને આત્માની ભિન્નતાનું ભાન થાય, ભેદ જ્ઞાન સમજાય ત્યારે તેનું શરીર પ્રત્યેનું મમત્વ ઘટવા લાગે છે, શરીર પ્રત્યેની આસક્તિ ઘટવા લાગે છે અને નિર્લેપ ભાવમાં રહી શકે છે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ એક સમયે વિહાર કરીને વિશાવદર ગામમાં ગયા હતાં. વિશાવદર ગામની આસપાસ ચારે બાજુ ગીરના જંગલ છવાયેલાં છે. ગીરના જંગલના જંગલી અને ખુનખાર પશુઓ વાઘ, સિંહ, દીપડાં ઘણીવાર રાત્રિના સમયમાં ગામમાં આવી જાય અને ઘરની બહાર બાંધેલા ગાય-બકરીનો શિકાર કરી જાય.

ગુરુદેવ ત્યારે ગુરુ ભક્ત મુકુંદભાઈ ગાઠાણીની વાડીમાં ઉતર્યા હતાં.

બહારના દેખાવ અને આકૃતિના આધારે સામાન્ય માનવી અને મહાપુરુષમાં વધારે ફરક ન હોય. શરીરની દૃષ્ટિએ બંનેને હાથ-પગ, આંખ, નાક, કાન બધાં અંગો હોય પણ મનથી બંનેમાં બહુ મોટો ફરક હોય.

મહાપુરુષો નિર્ભય હોય જ્યારે સામાન્યના મનમાં ભય હોય.

ભયનું કારણ શું હોય? ભયનું કારણ એક જ હોય શરીર પ્રત્યેનું મમત્વ, દેહ પ્રત્યેનો રાગ.! શરીર પ્રત્યેનો પ્રેમ. મારા શરીરને કાંઈ ન થવું જોઈએ. આ શરીરને સાચવવા માટે કેટલું કર્યું છે, એને કાંઈ ન થવું જોઈએ. જ્યારે મહાપુરુષોને શરીરનો મોહ ન હોય, ,શરીર પ્રત્યે રાગ ન હોય, એમને એમના આત્માની ચિંતા હોય, આત્માની પરવા હોય, એને સાચવવાના ભાવ હોય.!!



ગુરુદેવ એ વાડીમાં આવેલી એક નાનકડી ટેકરી ઉપરની ઓરડીમાં ઉતર્યા... ઓરડીને ન સરખી બારી હતી ન બારણું... અને કડકડતી ઠંડી અને સૂસવાટા મારતો પવન.!!

બધાંએ ઘણી વિનંતિ કરી, નીચે વ્યવસ્થિત રૂમમાં પધારો. અહીંયા ઠંડી પણ છે અને વાઘ-દીપડાનો ડર પણ છે.

પણ તપસમ્રાટે કહ્યું, તમે બધાં નીચે આરામથી સૂઈ જાઓ, હું અહીંયા બરાબર છું. ગુરુદેવની આજ્ઞા થઈ એટલે વધારે કાંઈ બોલાય નહીં. બધાં ચૂપચાપ નીચે ઉતરી ગયાં અને ગુરુદેવ એક પાતળી એવી શાલ ઓઢી શાંતિથી માળા કરવા લાગ્યાં.

ન કોઈનો ડર કે ન કોઈ જાતનો ભય.!!

થોડીવાર થઈ અને ત્રાડ નાંખતો મોટો દીપડો આવ્યો. એની ત્રાડથી ગભરાઈને નાના પશુ પક્ષીઓ પણ ભયના કારણે ચીસાચીસ કરવા લાગ્યાં અને નીચે સૂતેલા સાધ્વીજીઓ અને ભક્તો પણ ભયભીત થઈ ગયાં. ઉપર ગુરુદેવ એકલાં છે, ઓરડીને સરખુ બારણું પણ નથી. હવે શું થશે?? બધાં નીચેથી ઉપર જુએ પણ અંધારામાં કાંઈ દેખાય નહીં...

ગુરુદેવ શાંતિથી માળા કરતાં હોય અને બરાબર એ અર્ધા ખુલેલા દરવાજાની સામે ખુનખાર દીપડો પણ શાંતિથી બેઠો હોય.

ગુરુદેવ દીપડા સામે જોતાં હોય અને દીપડો ગુરુદેવની સામે.!! અંધારામાં દીપડાની બે આંખો ચમકતી હોય. ગુરુદેવની આંખોમાંથી પ્રેમ વરસતો હોય અને દીપડાની આંખો એ પ્રેમને ઝીલતી હોય.!!

દિવ્ય પ્રેમની આ જ તો તાકાત છે, ભલભલાને શાંત કરી દે. જેના રોમરોમમાં જીવ માત્ર પ્રત્યે પ્રેમ હોય એને ક્યારેય ભય ન હોય.

જેમ હિંસા, ચોરી, અસત્ય પાપ છે એમ ભય પણ એક પ્રકારનું પાપ છે. ભગવાન કહે છે, મનમાં ભયની એક નાનકડી રેખા પણ આવી તો તે પાપ છે.

દીપડો શાંત ચિત્તે જાણે પોતાના

કોઈ વડીલના સાંનિધ્યમાં બેઠો હોય તેમ શાંતિથી બેસી રહે અને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવની માળા ફરતી રહે, ધીમે ધીમે એ એના આગળના બંને પગ લાંબા કરે અને માથુ નીચું કરી દે, જાણે વંદના કરતો હોય ! ક્યાંય સુધી આમ જ બેસી રહે અને થોડી થોડી વારે ગુરુદેવની સામે અનિમેષ નયને જોયાં કરે.

જેનામાં આટલી ક્રુરતા ભરી હોય, જેનો સ્વભાવ જ બીજાને મારીને ખાવાનો હોય એવા પ્રાણીઓ પણ પૂજ્ય ગુરુદેવના પ્રભાવ સામે... એમના દિવ્ય પ્રેમ સામે નત મસ્તક થઈ જતાં. ગુરુદેવ જેટલાં દિવસ ત્યાં રોકાયાં રોજ કોઈને કોઈ પ્રાણી આવીને શાંત થઈ ગુરુદેવની સામે બેસે અને સવારે જ્યારે પૂ. વીરમતીબાઈ મ. આદિ દર્શન કરવા જાય ત્યારે પૂછે એટલે ગુરુદેવ કહે, હું તો મસ્તીથી માળા કરતો હતો, હું મારા ભાવમાં હતો. એ એના ભાવમાં હશે.

**આપણે કોઈને નડીએ નહીં તો આપણને કોઈ નડે નહીં. રડવું એને જ આવે જેને કોઈને નડવું ગમે છે.**

## 'પર'ની પરવાથી પર હોય એ જ અવધૂત હોય.

મહાપુરુષ એમનેમ ન બનાય. એના માટે ધીરજ, શાંતિ, સમતા, સમભાવ અને પ્રસમરસ હોવો જોઈએ. દરેક પરિસ્થિતિને સમભાવે સહન કરવાની શક્તિ હોવી જોઈએ. પરિસ્થિતિની અસર ન થવી જોઈએ.

મહાપુરુષોને ક્યારેય કોઈ પરિસ્થિતિની અસર ન થાય પણ મહાપુરુષો જ્યાં પગ મૂકે ત્યાં પરિસ્થિતિઓ પલટાઈ જાય. બધાંના મન બદલાય જાય, ભાવો બદલાય જાય, વિચારો બદલાય જાય, આખું વાતાવરણ બદલાય જાય, સ્થિતિઓ બદલાય જાય અને વ્યક્તિનું અસ્તિત્વ પણ બદલાય જાય.

ઘણી વખત કોઈ વિશિષ્ટ કે અલગ પ્રકારનું પ્રાણી દેખાય એટલે તરત જ મહાસતીજી કહેવા આવે, ગુરુદેવ! ચાલો જોવા કેવા પ્રકારનું પ્રાણી છે. !!



**આધ્યાત્મિક જગતમાં સફળતા મેળવવા માટેની મહત્ત્વની શરત છે કે જીવનમાં ઉપકારીઓ પ્રત્યે ભારોભાર બહુમાન ભાવ કેળવતા જાઓ અને તેઓની કૃપા માટે સતત પ્રયત્નશીલ બનતા જાઓ**

ગુરુદેવ માત્ર સ્મિત કરે અને એમના મુખમાંથી શબ્દો નીકળે, આ જીવે દુનિયામાં જોવા જેવું કાંઈ બાકી રાખ્યું નથી, એક પણ સ્થાન એવું નથી જ્યાં તમારો અને મારો જન્મ ન થયો હોય. એક પણ વસ્તુ કે પદાર્થ એવા નહીં હોય જે આ જીવે જોયા ન હોય.

તમારે જોવું જ હોય તો તમારા આત્માને જુઓ. બહારમાં જોવા જવું એ તો છદ્મસ્થની નિશાની છે.

જેમ મહાપુરુષોમાં ભય ન હોય તેમ તેમનામાં કૂતુહૂલતા પણ ન હોય. એ સદાય આત્મભાવમાં જ રમણ કરતાં હોય.

જેને પરમાત્મા સાથે પ્રીત થઈ જાય તેને બહારમાં ક્યાંય રસ ન હોય. સંત ક્યારેય કાંઈ જોવા ન જાય. સિવાય એને કોઈ સંશોધન કરવાનું હોય અથવા સમાધાન મેળવવાનું હોય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવનો આ એક વિશેષ ગુણ હતો. એમને ક્યાંય, કોઈ માટે કુતૂહુલતા ન હતી. ગમે તે અવસર હોય, કે દીક્ષા જેવો મહોત્સવ હોય, દૂર દૂરથી બધાં આવ્યાં હોય. પણ જેવો પ્રસંગ પૂરો થાય એટલે તરત જ કહી દે, ચાલો ! વિહાર કરવાનો છે, મહાસતીજીઓને પણ થાય બધાં દૂર દૂરથી મળવા આવ્યાં છે, પ્રસંગ સમયે તો મળી ન શકાય... પણ, ગુરુદેવ કહે, 'તમારે મળવું જ છે તો તમારા આત્માને મળો. !' મળવા જેવો એક આત્મા જ છે, એને મળો.

સંતને ક્યારેય બહારના સાથે સંગ ન કરાય.

આવું હતું તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવનું સાધુત્ત્વ. !! બહારના ગૌચરી-પાણી, વિહાર-વ્યાખ્યાનમાં જ એમની સાધુતા સિમીત ન હતી. એમની સાધુતા હતી એમના આંતરિક ગુણોની સમૃધ્ધિ. !

